

# અધ્યાત્મ

ડીસેમ્બર-૧૯૯૨

અંક : 3

પરમ પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની

ભાવના અને અક્ષરદેહને
મૂર્તસ્વરૂપ આપતા
'અધ્યાત્મ' માસિકના
ડીસેમ્બર, ૯૧ ના અંકનો
બધો પ્રકાશન ખર્ચ

* શ્રી યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, ટોરેન્ટો *

(કેનેડા)ના સાધક ભાઇ બહેનો તરફથી
દશાબ્દી વર્ષ નિમિત્તે આપવામાં
આવી રહ્યો છે
તે બદલ સહુને
અભિનંદન

તંત્રી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

## લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

## 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | 3 |
| માતૃદર્શનનો મહોત્સવ–3 | ગોરધનભાઇ કલોલા | ૧૨ |
| નવરાત્રીમાં જપયજ્ઞ એક નવતર પ્રયોગ | વિજયભાઇ પુરોહિત<br>ઈશ્વરભાઇ છાટબાર | ૧૯ |
| પ્રાકટ્યદિનની ઉજવણી | તંત્રી | ૨૯ |
| સદ્‌ભાવભરી સહાય | — | 33 |
| તનડાને તપાવ્યું | વૈદ શ્યામજીભાઇ તળાવિયા | 3૭ |
| તારા હાથનું હથિયાર | સ્વ. મહેન્દ્રકુમાર મો. દેસાઇ | 3૮ |
| શ્રીસદ્‌ગુરુની ભાવાંજલિ | રતિલાલ ભાવસાર | 3૯ |
| નિહાળું છું | ડો. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્) | ૪૧ |
| જીવણ ! | ડો. રણજિત પટેલ (અનામી) | ૪૨ |
| આધ્યાત્મિક સાધના અને આસન | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૪3 |
| શ્રી રમણમહર્ષિનું જીવનદર્શન | યોગેશ્વરજી | ૪૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૦ |




# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૩ ડીસેમ્બર–૧૯૯૧ અંક : 3

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**શનિવાર, તા. ૧૫–૧૧–૮૦, કાશીથી મોહનીયા**

આજે સવારે સાડા છ વાગ્યે પૂ. શ્રી તૈયાર થઇ ગયા. પોણા સાતે સૌ યાત્રિકો પ્રાર્થના માટે આવી ગયા સાત વાગ્યે નીકળી ગયા.

કાશી વિશ્વનાથના મંદિરે ભગવાન શંકરના સ્વયંભૂ જ્યોતિર્લિંગના દર્શને ગયા.

નાનકડી ગંદી ગલી, મંદિરોનો પાર નહીં. એવા સ્થાનમાં અપાર ભીડની વચ્ચે દર્શન કર્યાં. પૂ. શ્રી ખૂબ શ્રદ્ધા, ભક્તિભાવથી અમને સૌને પાસે ખાસ બોલાવી દર્શન કરાવતા.

ત્યાંથી દશાશ્વમેધઘાટ ઉપર ગયા. સ્નાનની ઈચ્છા હતી જ. એક નાવિક આગળ ચાલીને પૂછવા આવ્યો તો પૂ. શ્રીએ એક

વ્યક્તિના જવા–આવવાના આઠ આના પ્રમાણે હોડી તૈયાર થઇ. સામે કિનારે જ સૌએ નૌકાવિહારનો આનંદ લઇ સ્નાન કર્યું. જે સ્નાન કરવામાં આપદા, થાક કે અસ્વસ્થતા અનુભવે તેને તેને ઉત્સાહ આપી. પૂ. શ્રી દરેક જગ્યાએ સ્નાન કરાવે છે. તેમ અહીં પણ શ્રી હરિ શ્રી અને રાજુભાઇ બન્નેને કરાવ્યું જ.

સ્નાન બાદ નૌકામાં વચ્ચેના પ્રવાહથી ગંગાજળ ત્રણ લોટીમાં લેવામાં આવ્યું. પૂ. શ્રીએ સુંદર ભાવનાઓને વાર્તાલાપની શૈલીમાં વ્યક્ત કરતાં કહ્યું.

(માતાજીના અંતિમ અસ્થિકુંભના વિસર્જન સમયે)

"આ ભસ્મવિસર્જનથી હે ગંગામૈયા! તમે વધુ ને વધુ પવિત્ર બનો, આ ભસ્મવાળું જળ જ્યાં પણ જશે ત્યાં સમૃદ્ધિ ફેલાવો. આ પવિત્ર જળનો જે કોઇ સ્પર્શ કરશે કે સ્નાન કરશે તેની બુદ્ધિ સ્થિર થશે."

અસ્થિવિસર્જન સાથે ફૂલનો પડિયો ને દીપક પણ પ્રવાહીત કરવામાં આવી.

સ્નાનબાદ દશાશ્વમેધઘાટ આવી ગયાં. જ્યાં સ્નાન થયું ત્યાંથી કાશીનગરીની વિશાળતા ને ભવ્યતાનું દર્શન થતું હતું.

આ ઘાટ ઉપરથી અમારી ગાડી ૧ રૂ. વાળા ગાઇડને લઇ હરિશ્ચંદ્રઘાટ, તુલસીઘાટ, ને વળી ત્યાંથી માનસ મંદિરના દર્શને પણ જઇ આવ્યા.

તુલસીઘાટ ઉપર સંત તુલસીદાસ નિવાસ કરતા તે જગ્યા જ્યાં રામાયણની હસ્તપ્રત, અખંડ દીપક (જે નાવમાં દરરોજ તુલસીદાસ સામે પાર સ્નાન કે દીર્ઘશંકા માટે જતા તે) નાવનો ટૂકડો વિ. નાં દર્શન થયાં.



વળી ત્યાંના પોઠિયાની વાત પણ પૂ. શ્રીએ કરી. તુલસીદાસે સ્થાપેલા હનુમાનજીનાં પણ દર્શન કર્યાં.

આ ઐતિહાસિક સ્થળનું દર્શન પૂ. શ્રીને લીધે જ કરી શક્યા, કારણ અમારો માર્ગદર્શક જાણતો નહતો. આ દર્શન ઐતિહાસિક હતું.

ત્યાંથી માનસમંદિર, આધુનિક વિજળીકરણથી તૈયાર થયું હતું, તેનાં દર્શન કર્યાં.

બંને ગાડી રીપેરમાં ગઇ એમ આજે ઇડલીસંભારનો જ ભોજનમાં પ્રયોગ કર્યો. ત્યાંથી આવી આરામ બાદ ગાડી ૩ વાગ્યે આવી જતાં કલકત્તા તરફ જવાની તૈયારી કરી.

લગભગ પાંચની આસપાસ સાંજે મુગલીસરા જવા નીકળી ગયા. ૧૫ કી. મી. મુગલીસરા બાદ અમે નૌબતપૂર નામના સ્થાનમાં પેટ્રોલ પુરાવ્યું, ત્યારે ૬ા થઇ ગયા હતા. ત્યાંથી આગળ જવા નીકળ્યા ત્યાંજ માર્ગ બંધ થઇ ગયો જણાયો. આખાએ રોડ ઉપર કલકત્તા તરફ જવા માટે ચાર–ચાર ખટારાઓ એક સાથે ઊભા હતા. આવવા જવાનો માર્ગ બંધ હતો. અર્ધા કલાકે બે સેકન્ડ ગાડી આગળ ચાલે ને અટકાવવી પડે.

આ ખટારાઓની વચ્ચે માર્ગમાં લગભગ પોણા બે કલાકનો વિશ્રામ ફરજીયાત કરવો પડયો. કોઇ બીજો માર્ગ ન હતો.

નિરાશા છવાઇ ગઇ. આગળ કે પાછળ કશે જ જવાય એમ ન હતું, આ માર્ગમાં જ ખટારાઓની હારમાળામાં જ રાત રોકાવું પડશે એવું સૌ કોઇને લાગ્યું.

પૂ. શ્રીએ શાંતિભાઇને રામકૃષ્ણદેવની સંસ્કૃતમાં સ્તુતિ બોલવાની સૂચના કરી, પણ શ્રી શાંતિભાઇનું મન આ ભીડમાંથી,

આ મુસીબતમાંથી માર્ગ શોધવામાં અસ્વસ્થ હતું. તેથી એમણે ગુજરાતીમાં જ 'અધર્મે જ્યારે' પ્રાર્થના શરુ કરાવી, પણ સંસ્કૃતની સ્તુતિ તો ન જ બોલ્યા.

મને વિચાર આવતો હતો કે આ મહાપુરુષ કલકત્તા જવા પ્રભુના આદેશથી નીકળ્યા'તો એ કાંઇ આમાંથી માર્ગ કાઢી શકે કે નહિં?

ફરી વિચાર આવ્યો કે પૂ. શ્રી તો પ્રભુ જે સ્થિતિમાં રાખે તેમાં આનંદ ને સંતોષ માને એટલે આજે અહીં માર્ગમાં જ ગાડીમાં રાત વીતાવવી પડે તો પણ એમને આનંદ જ હશે.

જેથી મેં પૂ. શ્રીને કોઇ સૂચન ન કર્યું. બીજી બધી વાતો થતી રહી.

એ દરમ્યાન, પૂ. શ્રી ગંભીરતાથી કાંઇક વિચારતા હોય એવું લાગ્યું.

માર્ગમાં ચારથી પાંચ વાહનોની એકસાથે લાઇન હતી જેથી બધો જ વ્યવહાર સ્થગિત થઇ ગયો હતો. અમે થોડીવારે ત્રીજી લાઇનમાં, પછી થોડીવારે ચોથી લાઇનમાં જોડાયા, પણ ક્યાંયે આગળ પાછળ જવાય તેવું ન હતું. વચ્ચે પથ્થરની મોટી પાળ હતી જેથી બધે જ દ્વાર બંધ હતાં.

ત્યાં અમારી આગળની ટ્રક ને બાજુની એક ટ્રક ચાલી. (ચાલી એટલે થોડી આગળ ગોકળગાયની જેમ ખસી) એટલે શાંતિભાઇએ ત્રીજા ઉપર જવાને બદલે ચોથી લાઇનમાં ગાડી જોડી દીધી. પણ ફરી પાછો વ્યવહાર બંધ થઇ ગયો. એટલે ગાડીએ ફરજીયાત વિશ્રામ લેવો જ પડે એમ હતું.



ત્યાં જ એક પુષ્કળ ઉત્સાહથી થનગનતા, દોડતા માણસે અમારી ગાડી પાસે આવી અમને છેક બાજુના માર્ગમાં જ્યાં લાકડાની કેબીન, ઘર, ટ્રક, પીપો, સાઇકલ રીક્ષા પડયાં હતાં તે તરફ ગાડીને લાવવા તેણે દિશાસૂચન કર્યું. એકવાર તો અમને એ દિશા ને એ પ્રયત્ન પણ ખોટા સાહસ જેવા જ લાગ્યાં. પણ ફરી એ ભાઇએ ખૂબ ઉત્સાહથી ઇશારો કર્યો જેથી શાંતિભાઇએ તે ભાઇના માર્ગદર્શન પ્રમાણે ગાડી ચલાવી.

માર્ગમાં પડેલા બે પલંગો, મોટું ડીઝલનું પીપ, સાઇકલ રીક્ષા, ઘોડાગાડી બધું જ તે ભાઇએ ખૂબ જ હિંમત કરી એકલે હાથે ઝડપથી માર્ગમાંથી હઠાવી લીધું ને ગાડીને આગળ ને આગળ દોરી ગયા.

જાણે રાષ્ટ્રપતિ આવતા હોય ને સૌને માર્ગ આપવા ફરજ પાડવામાં આવી રહી હોય અને તે પણ ખૂબ ઝડપથી એવું એ દૃશ્ય હતું.

એ ભાઇએ એક ટ્રકને પણ અટકાવીને અંધારામાં માર્ગ બનાવી આવવા દો આવવા દો એવી દોરવણી આપી. અમારી ગાડી લગભગ ૧૦૦ જેટલી ટ્રકો ઉભી હતી તેમની વચ્ચેથી માર્ગ કાઢીને, આગળ મોકલી દીધી.

સામેના માર્ગથી જ્યારે વાહનોની એક જ હારમાળા શરૂ થઇ ત્યારે તે દોડતા ભાઇને અમે ઉભો રાખી પૈસાની ભેટ ધરી.

તે ભાઇએ ખૂબ નમ્રતાથી "ના, ના" કહી હાથ જોડી અસ્વીકાર કર્યો.

પ્રભુએ પોતાનો દેવદૂત મોકલીને આ નૌબતપૂરના માર્ગે ટા

વાગ્યે જાણે સહાયતા પહોંચાડી કે પછી પૂ. માનું જ બીજું સ્વરૂપ જાણે પેલા મદદનીશ ભાઇના રૂપમાં પ્રગટીને કાર્ય કરી ગયું કે પછી કામચલાઉ પ્રભુની શક્તિ આ ભાઇમાં સહાયતા કરવાની શક્તિરૂપે પ્રગટી કે કેમ, તે તો શી રીતે કહી શકાય?

કશું જ સમજાય તેવું ન હતું કારણ અમારી ગાડી લગભગ ૨૫૦ જેટલા ખટારાઓ વટાવી દુર્ગાવતીના માર્ગે સહીસલામત આગળ વધી શકી જ્યારે અમારી આગળપાછળનાં હજારો વાહનો નૌબતપૂરમાં જ અટવાઇ ગયાં હતાં.

પ્રભુની ખરેખર ગેબી મદદ સંકટ સમયે જ સમયસર મળી. કોનો પ્રતાપ? મદદ મેળવવા પણ પ્રભુમાં શ્રદ્ધાભક્તિ ને પ્રબળ પ્રાર્થનાના પવિત્ર સાધનથી સંપન્ન એવા આ યાત્રામાં કોણ હતા કે જેનાથી આ અતિ વિકટ પરિસ્થિતિમાં દેવપુરુષે થનગનતા ઉત્સાહ સાથે કોઇપણ જાતના પરિચય વિના, કોઇપણ જાતની વિનતિ કે વાતચીત વિના પોતે સર્વશ્રેષ્ઠ સેવા બજાવી.

આ સમગ્ર ગેબી મદદનો યશ પૂ. શ્રીને શિરે જ જાય છે.

જ્યારે આ દેવપુરુષ (એ સામાન્ય પહેરવેશથી સજ્જ ભાઇ દેવપુરુષ જ હોવા જોઇએ અથવા પ્રભુ પોતે જ હોવા જોઇએ) અમારી ગાડીને દોડતા, ઉત્સાહથી થનગનતા પ્રસન્નતાથી દોરતા હતા ત્યારે પૂ. શ્રી કહેવા લાગ્યાં,

'મને હમણાં જ વિચાર આવ્યો ને જગદંબાને કહ્યું, 'હે, દક્ષિણેશ્વરનાં મા, તમારી ઇચ્છાથી, તમારી સૂચનાથી અમે તમારે ત્યાં આવવા નીકળ્યા છીએ તો પછી આવું શા માટે કરો છો?' તે પ્રાર્થના બાદ આ ભાઇ તરત જ આવી ગયા.



આ સમગ્ર પ્રસંગ દરમ્યાન મારી આંખમાં આંસુ આવી ગયાં. પ્રભુ તારી કેવી કૃપા! ગાડીમાં બેઠેલા શાંતિભાઇ, મોહનલાલ, વિનુભાઇ સૌને આ દેવપુરુષની સહાયથી આનંદ થયો. પ્રસન્નતા થઇ. પૂ. શ્રીની કૃપાશક્તિમાં વિશ્વાસ વધ્યો.

યાત્રા દરમ્યાન કોઇ દૈવીદર્શન ને દૈવીકૃપા પૂ. શ્રી કરાવશે એવા પ્રશ્નો પણ પૂ. શ્રીને પૂછ્યા હતા.

તો જાણે પ્રભુ એકથી એક શ્રેષ્ઠ દર્શનો, શ્રેષ્ઠ દૈવીકૃપાના પ્રસંગો ઉભા કરે છે. જાણે કળિયુગના ભક્તોમાં શ્રદ્ધા–ભક્તિ દૃઢ બને અથવા એક જ વિરાટ વ્યક્તિત્વમાં આ નાનકડા સૌ વ્યક્તિત્વો એકતાનતાથી યુગકાર્ય કરે એટલા માટે જ જાણે આ યાત્રા ને એટલા માટે જ જાણે આ કૃપાના, દૈવી સહાયના દિવ્ય અનુભવો પૂ. શ્રી સૌને કરાવી રહ્યા છે.

દેવપુરુષની દૈવીકૃપા, પૂ. શ્રીની પ્રાર્થના કે પૂ. શ્રીના જાણે પ્રગટસ્વરૂપના દર્શનથી અમે રાતે છેક સાડા નવ સુધી યાત્રા ચાલુ રાખી શક્યા.

રાત્રે સાડા નવે મોહનીયામાં રેસ્ટહાઉસમાં સૌએ વિશ્રામ કર્યો.

આજનો દિન મંગલમય હતો. દૈવીકૃપાનાં દર્શન થયાં.

આજે વળી પૂ. શ્રીની ભયંકર માંદગીને એક વરસ પૂર્ણ થયું.

ગયા વરસની ૧૫ મી નવેમ્બરે જ પૂ. શ્રી પોતાની સર્વશ્રેષ્ઠ કલ્યાણકારક લીલાના અનુસંધાનમાં જીવન–મરણની બાજી ખેલી રહ્યા હતા.

અને આજે પ્રભુના દૂતો કે પ્રભુના આ પ્રગટ સ્વરૂપોને

શક્તિથી સંપન્ન, અદ્‌ભુત શ્રમકાર્ય કરી, યુગકાર્ય કરનારામાંના એક અવતારી મહાપુરુષનું દર્શન પૂ. શ્રીમાં થઇ શકે છે.

માંદગીબાદ એક વરસમાં તો કેટલાંયે પ્રવચનો, માતાજીની માંદગી, તેમની અવિરત સેવા, તેમની વિદાયનું સતત સંવેદન, વળી સતત આરામ વિનાની આ અસ્થિવિસર્જનના નિમિત્તની યાત્રા. કેટકેટલો પરિશ્રમ! કેટકેટલી હિંમત, તાજગી, પ્રસન્નતા, ઉત્સાહ! પ્રભુની કૃપા વિના આવું અશક્ય છે.

જરૂર આ મહાપુરુષ ઉપર પ્રભુની પૂર્ણકૃપા વરસી રહી છે. અરે! આ મહાપુરુષ હવે ભક્ત, જ્ઞાની કે યોગી મટી હવે પ્રગટ પ્રભુ જ બન્યા છે.

વંદન હો એ પ્રગટ પ્રભુને, પુરુષોત્તમ શ્રી યોગેશ્વરને.

વિશ્રામ : બરકટ્ટા.

**રવિવાર, તા. ૧૬-૧૧-૮૦, કારતક સુદ આઠમ, ૨૦૩૭**

આજે મોહનીયાના રેસ્ટ હાઉસમાંથી સવારે ૬ા વાગે નીકળી ગયા. ફક્ત ૧૭ રૂા. અને બક્ષિસના ૧૦ મળી ૨૭ રૂા. માં જ આ વિશ્રામ ઉત્તમ હતો. અહીંથી યાત્રા શરુ થઇ. બુદ્ધ ગયા ને ગયાજી પણ જઇ આવ્યા.

બુદ્ધગયામાં થાઇલેન્ડના બૌદ્ધમંદિરની મૂર્તિ ભવ્ય હતી. એ મંદિર જાપાની ને બીજા મંદિરો કરતાં યે શ્રેષ્ઠ હતું.

બૌદ્ધગયામાં ઇડલી, ઉત્તપમ, ઢોસાનું ભોજન સૌએ લીધું. પૂ. શ્રીને ન ફાવ્યું. જેથી ગયાજીમાં સમોસા, દૂધ ને બીસ્કીટનું ભોજન લીધું.

ગયાજી તીર્થ ખૂબ ગંદુ લાગ્યું. મંદિરોમાં પણ ખૂબ ગંદકી



હતી. ગયાજીની યાત્રા બીજી વાર કરવા જેવી નથી. એકવાર જોઇને જ આ ગયાજીથી તૃપ્ત થઇ જવાય એવું છે.

ગયાજીથી ડોભીના હાઇવે ઉપર આવી ગયા. આજે વિશ્રામ ન કર્યો. આગળ જ ચાલ્યા. બરકટ્ટા નામના સ્થાનમાં રેસ્ટ હાઉસમાં જ વિશ્રામ થયો.

આજે પ્રાર્થનામાં પ્રથમ ધ્યાન પછી પૂ. શ્રીએ 'અધર્મ જ્યારે' પછી મોહનલાલની ધૂન અને પછી શાંતિભાઇની સંસ્કૃત સ્તુતિ થઇ.

આજે વાર્તાલાપ ન થયો. આરામ... હરિઃ ૐ

( ક્રમશઃ )


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.

# માતૃદર્શનનો મહોત્સવ ૩

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

અહીં દરરોજ પ્રભાતે મંગલ મંદિર ઉઘડે છે અને દર્શનનું પરમધન પામી કૃતકૃત્ય થઈ જવાય છે. માતૃદર્શન એટલે નર્યા પ્રેમ પ્રેમ પ્રેમનું દિવ્ય દર્શન! એ દર્શને મન શાંત થાય છે અને ઉર પ્રસન્નતાથી પુલ્કિત થાય છે. એ માતૃદર્શનનો પ્રેમ અમીરસ પીતાં તો,

"જ્યોત્ સનાતન જાગી ઉરમાં,
ધ્રુવપદ આજ જડ્યું;
પાગલ દર્શન દુર્લભ મળિયું,
ચરણે ચિત્ત ઠર્યું."

આ દિવ્ય માતૃદર્શન દુર્લભ એટલા માટે છે કે તેને યથાતથ પામવું અતિદુષ્કર છે. અહીં કોઈ ભ્રમણની ભભક નથી, ઠસ્સાનો ઠાઠ નથી, જટાની છટા કે કેશકલાપની મનોહર ગુંથણી નથી! રેશમી ઉત્તરીયની ભગવી છાંટ નથી, બુદ્ધિ ચાતુર્યભરી વાક્છટા નથી, ઊંડા ગહન શાસ્ત્રાધ્યયનની કે વિદ્વત્તાની છાપ નથી. આકર્ષક આશ્રમોનો શણગાર નથી ને શિષ્યોની વણઝાર નથી, પદ-પ્રતિષ્ઠાનો પ્રભાવ કે ભૌતિકતાની ભરમાળ નથી.

અહીં દિવ્ય માતૃત્વ છે પણ દિવ્યતાની આભા નથી. દિવ્યપ્રેમ છે પણ પ્રેમનું પ્રદર્શન નથી. અહીં ભગીરથ તપ છે, પણ તપ માટે હિમાલય કે ગંગાતટનું એકાંત નથી. અહીં દિવ્યગુણો દરબાર ભરીને બેઠા છે, પણ એની છડી પોકારનાર કોઈ નથી. વિહાર



જનસમાજ વચ્ચે જ છે, પણ ઓળખ નથી. "તરણા ઓથે ડુંગર, પણ ડુંગર કોઈ દેખે નહિ." એવા દ્વાર છે.

સાધારણ રૂપ મહીં વારંવાર તમે ગાઓ,
સામાન્ય બનીને આ જગમાં આવો ને જાઓ,
નિયમ નથી કૈં એવો કોઈ, સ્વતંત્ર પૂર્ણ તમે,
જે ધારો તે રૂપે પ્રકટો, જાણ્યું એમ અમે.
રૂપ તમારું બડભાગી ને વિરલા કોઈ હોય,
તે જાણે ને માણે, પામી કૃપા તમારી કોય.

હજાર પ્રયત્ને પણ ન ઓળખાય એવા રૂપમાં પરમશક્તિ આ વખતે પૃથ્વી પર પધાર્યાં છે. કંઈ કેટલાયે આવે છે, બેસે છે અને એમ માનીને ઊઠી જાય છે કે આ કરતાં તો આપણે કંઈક વિશેષ છીએ! અરે! દિવસો સુધી સાન્નિધ્ય માણ્યા પછી પણ અને એ ઈશ મહિમાને જાણ્યા પછી પણ જીવના સંસ્કારો એને ઝંપવા દેતા નથી, તોય આતો મા છે ને, સામે ચાલીને તેની પાસે જાય, કહે, 'આવ તને તેડી લઉં, તોય મોઢું ફેરવી લે! માયાના સંસ્કારો-ની દૃઢતા તો જુઓ, અહંનો અંધકાર તો જુઓ, પૂર્વગ્રહોની પકડ તો જુઓ! કૃપામૃતની કૂપાને ઢોળી નાખે તો બીજો શું ઉપાય! પણ આવું બનતું જોવામાં આવે છે.

ભૂલ ગયા સબ બાતેં, ભૂલા
નહીં જિસે તો ભૂલના થા;
પાગલ ચેત અભી તું ભાઈ,
પા લે, પ્રભુકો પાના થા,
ક્યાં કરના થા, ક્યા કરના હૈ!

અરે! આ મંગલ મધુમય માતૃદર્શન છોડીને આપણે પણ ક્યાં

અવળે પાટે ચડી ગયા! ભોજો ભગત કહે છે તેમ આ દુનિયા તો દીવાની છે, એની ભ્રમણામાં ભમીને ગાંઠની મૂડી કાં ખોવી? માટે "સમરને શ્રી હરિ, મેલ મમતા પરી!" બધું એક બાજુ મૂકીને માતૃઅંકની મોજ માણી લઈએ!

અહીંનું આ દૃશ્ય જ કેટલું મનભાવન છે! પુષ્પોથી શણગારેલી પંચવટી છે, પૂ. મા બીરાજ્યાં છે અને માની ગોદમાં બાળકો બેઠા છે, જેમ દાદીમા ખોળામાં બેસાડીને વાર્તા કહે તેમ આ પરમ દાદીમા પોતાના છોકરાઓને રામાયણના સંસ્કારોનું પયપાન કરાવે છે. દરરોજ આઠ આઠ કલાક બેસીને રામાયણનું રસાયણ ઘોળી ઘોળીને પાઇ રહ્યાં છે. એ રામાયણ ગાનમાં જુસ્સો અને ખુમારી તો એવાં છે કે એ કંઠમાંથી અવાજ નહીં પણ પોકાર ઉઠે છે. પૂ. મા પોકારી પોકારીને કહે છે કે રામ જેવા નમ્ર પણ પરાક્રમી નરશ્રેષ્ઠ બનો, લક્ષ્મણ જેવા આજ્ઞાંકિત પરંતુ શૂરવીર બનો. હનુમાન જેવા શરણાગત સેવક પણ અજેય યોદ્ધા બનો. દશરથ જેવા વૃત્તિઓના દાસ ન બનો, મંથરાવૃત્તિ સામે ડગો નહીં, કેવટ જેવા પ્રભુના પ્રેમી બનો, તાડકા, સુબાહુ અને મારિચ જેવા કામ ક્રોધ અને લોભના રાક્ષસોને મારી વિજયને વરો. શબરી જેવા એકનિષ્ઠ ભક્તરાજ બનો, સુગ્રીવ જેવા મિત્ર બનો, જટાયુની જેમ રામના કામ માટે મરી મીટો, સીતા જેવા સહનશીલ અને વિભિષણ જેવા પ્રભુના દાસ બનો. પ્રભુના યુગકાર્યને ઉપાડી લો અને અંતે રાવણ ને કુંભકર્ણ જેવા ષડ્રીપુયોના રાજાને મારી શાંતિના સ્વામી બનો.

પૂ. મા ક્યારેય કથા કરવા કે ઉપદેશ આપવા ટેવાયેલાં નથી. પરથમ પહેલાં મસ્તક મૂકીને રામાયણના આદર્શો જીવનમાં



ચરિતાર્થ કર્યા છે. શીશ સમરપીને પ્રેમરસ પીધો છે. માથા સાટે મહાપદ માગ્યું છે, પૂ. માની ભક્તિ શૂરવીરની ભક્તિ છે, એટલે તો શિર સાટે નટવર વરવાનું વ્રત લઇને બેઠાં છે, લડીને વિજયને વરવું છે. પૂ. માનો આ લડાયક સ્વભાવ, વાણીમાં અને વર્તનમાં સહજ વણાયેલો છે. પૂ. મા જ્યારે બોલે છે ત્યારે એ શ્રદ્ધાભરી વાણીમાં આત્મિકતેજની તમન્ના, જુસ્સો અને ખુમારીનાં દર્શન થાય છે. પૂ. માના જીવનવ્યવહારમાં એક દૈવી તેજનો તરવરાટ વર્તાય છે, ચાલતાં હોય ત્યારે એ ચાલમાં, બોલતાં હોય ત્યારે એ વાણીમાં, બેઠાં હોય ત્યારે એ હાવભાવમાં, ગાતાં હોય ત્યારે એ શ્રીવિગ્રહના ડોલનમાં, મૌન હોય ત્યારે મસ્તીમાં, સુતાં હોય ત્યારે એ નયનોના નિરપેક્ષ નેહમાં, અને બટુકો સાથેની વ્હાલભરી વાતોમાં તો એ તરવરાટ સમગ્ર શ્રીવિગ્રહમાં પ્રકટી જાય છે. પ્રાર્થના વખતે પ્રેમાશ્રુઓના પ્રવાહમાં, ધ્યાન, સમાધિમાં એ દિવ્યતત્ત્વની તલ્લીનતામાં એ દૈવીઅંશનો તેજ લીસોટો ચમકી જાય છે! સત્યપથના શણગારમાં અને સ્વર્ગારોહણની વ્યવસ્થામાં આ તરવરાટને લીધે જ રાતોની રાતો પસાર થઇ જાય છે. નિદ્રાજયમાં પણ એજ અખંડ આરાધનાની ચટપટ્ટાહટ છે. ગબ્બરગઢના ચઢાણની દોટમાં, સમશૃંગીના પગથિયાં કુદાવતી હરણફાળમાં અને બાહુબલીના સડસડાટ વેગમાં પણ એ જ દૈવી વિદ્યુતશક્તિનો તરવરાટ દેખાય છે. અને દરરોજ થતા એકસો પચીસ દંડવત્ પ્રણામોમાં પણ એજ શક્તિનું સામર્થ્ય વરતાય છે!

દિવ્યશક્તિનું તેજ અને તરવરાટ પૂ. માના અણુએ અણુમાં છવાયેલાં છે. ઉપવાસોની આંધિ પણ એ તેજના તરવરાટને ઢાંકી

શકી નથી, એટલે જ પૂ. માને ઢીલાશ, આળસ કે બેદરકારી પાલવે જ નહીં. જો કોઈમાં આવી મંદતા જુએ તો તેને 'પોચકીદાસ'ના બિરૂદથી નવાજ્યા વિના રહી શકે નહીં. કરી બતાવવું અને પછી બોલવું એ પૂ. માના વ્યક્તિત્વની વિશિષ્ઠતા છે.

એટલે જ અહીં રામાયણનું ગાન કરતાં પહેલાં રામાયણના આદર્શોને પૂર્ણપણે જીવનમાં ચરિતાર્થ કર્યાં છે. જેટલો દૈવી આનંદ રામાયણગાનનો છે, એથીયે વિશેષ પરમાનંદ પૂ. માના સાક્ષાત્કારનો છે. એક પ્રકટ તીર્થ અહીં પ્રકટી ગયું છે. કોટિ ઉપાયે પણ ન સાંપડે એવાં તીર્થદર્શનનો યોગ અહીં સહજ છે. પુનિત કથાપ્રવાહ અને તે પણ પૂ. માના પવિત્રતમ અંતરમાંથી વહે, જાણે ગંગા અને ગંગોત્રીનું સુભગદર્શન! દર્શનમાં એવું તો તલ્લીન થઈ જવાય કે આંખ મટકુ ન મારે તો કેવું સારું! ભાવધરીને જેમણે પણ એ મુખારવિંદને નિહાળ્યું છે તેમણે કેવળ પ્રેમ અને પવિત્રતા સિવાય એક ક્ષણભર પણ દુન્યવી ભાવોને એ મુખારવિંદ પર રમતા નહીં જોયા હોય! આ દૈવી દર્શનની દિવ્યતા જેમણે અંતરથી આસ્વાદી છે તેને માટે તો બસ એજ અક્ષરધામ! છોકરાઓ માટે આથી વિશેષ ગૌરવવંતુ ગોલોક બીજું શું હોઈ શકે?

આજ ૮, નવેમ્બર '૯૦ ના રોજ પૂ. મા મધુર હાસ્ય વેરતાં, શંખધ્વનિના જયઘોષ સાથે કથામંડપમાં પધાર્યાં અને સહજ કૂદકો મારી વ્યાસપીઠ પર બિરાજ્યાં ત્યારે થયું કે હવે કથા શરુ થાય તોય ભલે અને ન થાય તોય ભલે, અમને તો જે દર્શનદાન પ્રભાતના પ્હોરમાં જોઈતું હતું તે મળી ગયું! કેવાં છે એ દર્શનનાં દાન? એ દર્શન વહે છે વાત્સલ્યનાં વ્હેણ, પ્રકટે છે પ્રેમનો



પમરાટ, અંતરે ઉભરાય છે એ સ્નેહની સુવાસ. રચાય છે એક વૃંદાવનની માધુર્યસભર લીલાસૃષ્ટિ!

એ રમણીય લીલાસૃષ્ટિના દર્શનનો લ્હાવો લેવાનું કોને નહીં ગમે? જુઓ, આજે જમણા વરદહસ્ત ઉપર મોગરાની માળા પૂ. માએ ધારણ કરી છે. પરિધાન એજ ધવલ! જાણે નિરભ્ર નિશાએ ચમકતી ચાંદની! શૃંગાર તો બસ એ જ છે. સનાતન પ્રેમ, પ્રસન્નતા અને પવિત્રતાનો! ત્યાગ, વૈરાગ્ય અને સન્યાસના અલંકારોથી સદાય સોહે છે એ ભાગવતીતનુ!

આ સુચિસૌંદર્યની સુવાસથી કંઈક માનવહૈયાં મ્હેંકતાં થયાં છે. પૂ. માના આત્મિક સૌંદર્યની સ્વર્ગીય સૃષ્ટિ તો સર્જાય છે એ નિર્મળ, નિર્દોષ હાસ્યધોધમાં. પૂ. મા જ્યારે ખડખડાટ હસતાં હોય ત્યારે એટલાં તો સુંદર લાગે, એવાં તો ગમે કે એ ગમતાનો ગુલાલ કરીને જાણે જીવનનો મહોત્સવ માણી લઈએ! વારી જ જવાય એ વિમલ વદન પર! પૂ. મા હસે ત્યારે ડાબા ગાલ પર ધનુષ આકારની બે નાનકડી રેખાઓ ઉપસી આવે ઘડીકમાં દિસતી અને ઘડીકમાં વિલાતી એ રેખાઓમાં માતૃપ્રેમના માધુર્યભર્યા સૌંદર્યની પ્રતીકશી એ ત્યાં સરસ સોહી રહે! બાળકને વળી માથી વિશેષ સુંદર આ સૃષ્ટિમાં કોણ લાગે? બાળકનું તો એક માત્ર શિવસદન મા જ છે!

મધુર હાસ્ય તો ખરું જ, પરંતુ સાથે સાથે દૈનિક જીવનની સહજ લીલાઓમાં પણ એ માતૃસૌંદર્યનું મધુર ગાન ગુંજતું હોય! અહર્નિશ એ રોમેરોમમાંથી અદ્‌ભુત, દિવ્ય માતૃરૂપનું દર્શન થયાં કરે, અમસ્તાય પૂ. મા લાંબા પગ કરીને બેઠાં હોય કે વ્યાસપીઠ પર પ્રવચન કરતાં હોય, પૂ. શ્રીના સ્વરૂપને સજાવતાં

હોય કે ભજનોની મસ્તીમાં ખોવાયેલાં હોય, છોકરાઓને પ્રસાદી આપતાં હોય કે ફોનપર વાત કરતાં હોય, શરીરમાં તાવ હોય કે ગરમીમાં ગળા કે મસ્તક પર ભીનાં વસ્ત્રો વીંટયાં હોય, મુસાફરીમાં હોય કે બટુકો સાથે ગમ્મત કરતાં હોય, બાહુબલીના કપરા ચઢાણની સડસડાટ દોડ હોય કે ચોવીસ કલાકની એકધારી વિમાનની મુસાફરી હોય, પરંતુ સંજોગોનો શું ભાર છે કે એ માતૃરૂપના અનંત સૌંદર્યને એક ક્ષણભર, અલ્પ અંશે પણ ઝાંખુ કરી શકે! દિવ્ય માતૃરૂપથી મઢેલા એ મુખારવિંદ પર કોની મજાલ છે કે દુન્યવી ભાવોની એક આછી રેખા પણ અંકિત કરી શકે!

પૂ. માના દર્શનની આજ દિવ્યતા છે, આજ પૂર્ણતા છે. આ પૂર્ણ પરમ પુરુષનો પ્રેમ પામ્યા પછી પૂર્ણતા પ્રાપ્ત કરવાનો પંથ પથિક માટે બીજો ક્યાં શોધવાનો રહે છે?

ચાલોને એ પુનિત પગલે આપણે આપણો જીવનપંથ ઉજાળી લઈએ! આપણે તો સંસારસાગરના અજ્ઞાનરૂપી અંધકારમાં આમ-તેમ અથડાયા કરીએ છીએ, આ ઘોર અંધકારમાં ક્યાંય માર્ગ સૂઝે તેમ નથી. ગુરુકૃપાએ માતૃસ્વરૂપે એ પ્રેમની જ્યોત્ પ્રકટી ગઇ છે, એના તેજે આતમદીપ પેટાવી લઈએ!

અજ્ઞાન કેરાં કૂડાં અંધારાં અમારે,
નાંગરવા બેઠા રે કિયા કિનારે?
ત્યાં દિવ્ય અવધૂતની દીવાદાંડી ઝગારે,
અંધારાં ઓછાયાં અણગણ ઓસરે!



નવરાત્રિમાં જપયજ્ઞ

# એક નવતર પ્રયોગ

વિજયભાઇ પુરોહિત, (બાપજી)
ઈશ્વરભાઇ છાટબાર

ગયા બે વર્ષની જેમ આ વર્ષે પણ આસો માસની નવરાત્રીમાં (તા. ૮–૧૦–૯૧ થી) "સ્વર્ગારોહણ" અંબાજીમાં જપયજ્ઞ યોજાયો. આ જપયજ્ઞમાં જે કાંઇ જોયું, અનુભવ્યું તેનાથી અમને પોતાને ખરેખર (જીવનમાં) બળ અને આનંદની અનુભૂતિ થઇ. બીજાને પણ આ જપયજ્ઞની જાણકારી મળે કે આ જપ-યજ્ઞમાં શું કરવામાં આવે છે, લોકો કેવો અનુભવ કરે છે. એ દૃષ્ટિથી લખવા પ્રેરાયા છું.

ગીતામાં ભગવાન કહે છે કે યજ્ઞોમાં જપયજ્ઞ હું છું. તો આ જપયજ્ઞમાં એની અનુભૂતિ થવી જોઇએ. એ કેવી રીતે? તો પ્રભુનું સાન્નિધ્ય, આનંદ, ચિત્તની પ્રસન્નતા, તન, મનમાં સતત ઉત્સાહ રહે તો એ ચિદાનંદ પ્રભુના જપયજ્ઞરૂપનું કાંઇક સાન્નિધ્ય મળ્યું કહેવાય. મા–પ્રભુની કૃપાથી કાંઇક અંશે અમે અનુભવ્યું.

સૌથી પહેલાં કાર્યક્રમની રૂપરેખા જોઇએ. સવારે ૬ વાગ્યાથી ૭ સુધી જપ. ૭ થી ૮–૩૦ સુધી પ્રણામ, પ્રાર્થના અને આરતી. ૮–૩૦ થી ૯ સુધી દૂધ પીવાનો વિશ્રામ. ૯ થી ૧૦–૩૦ ધૂન અને પ. પૂ. યોગેશ્વર પ્રભુનું ટેપ પ્રવચન. ૧૦–૩૦ થી ૧૦–૪૫ વિશ્રામ. ૧૦–૪૫ થી ૧૨ વાગ્યા સુધી દેવી સ્તુતિ અને જપ. ૧૨ થી ૩ ફલાહાર વિશ્રામ. બપોરે ૩ થી ૫ ધૂન, જપ અને સદ્ગ્રંથનું

વાંચન. ૫ થી ૬ વાગ્યા સુધી શ્રમયજ્ઞ. ૬ થી ૮ ભોજન વિશ્રામ. ૮ થી ૧૦ પ્રાર્થના, સત્સંગ અને ગરબા. આ આખા દિવસનો કાર્યક્રમ. દરેક કાર્યક્રમ સરસ રીતે ચાલતો અને પોતાના સ્થાને ઉત્તમ હતો. છતાં જ્યારે મા-પ્રભુની વાણી (ટેપ પ્રવચન) સાંભળતાં ત્યારે અંતર આનંદથી ઉભરાઇ જતું અને નવી, દૃષ્ટિ સાંપડતી. આ "ધ્યાનયોગ"નાં પ્રવચનો ખરેખર સૌએ વસાવવા જેવાં છે. એ સાંભળવાં એ પણ એક લ્હાવો છે.

શ્રમ યજ્ઞનું એક દૃશ્ય જોઇએ. જોવા જેવું છે. સ્વર્ગારોહણના પાછળના કોટની પાસે શ્રી રામભાઇ પોતાની રીતે શ્રમયજ્ઞમાં વ્યસ્ત છે. તેઓ વધારાનું ઘાસ તથા નકામા છોડો ઉખેડી જગ્યા ચોખ્ખી કરી રહ્યા છે. આ બાજુ શ્રી અજયભાઇ તથા દશરથભાઇ મોટા ઝાડોને ખાડા બનાવી પાણી પાઇ રહ્યા છે. તો વળી શ્રી ધીરુભાઇ અને ઈશ્વરભાઇ છાટબાર વેન્ટીલેશનની મરમ્મત કરવામાં લાગી ગયા છે. તો શ્રી કંચનભાઇ હાથમાં બ્રશ અને કલર લઇને બોર્ડને નવો ઓપ આપી રહ્યા છે. ડો. શ્રી હરેન્દ્ર સુરતીયા, શ્રી રાજુભાઇ (સિંહ) તથા શ્રી સુરેશભાઇ પ્રાર્થના ખંડ ને ચોખ્ખું કરી શ્રી મા-પ્રભુના સ્વરૂપો તથા અન્ય સ્વરૂપોને ગંગાજલથી સ્નાન કરાવી ધન્યતા અનુભવી રહ્યા છે. શ્રી બાલુભાઇ ઘડીક અહીં તો ઘડીક ત્યાં. બધા છોકરાઓની જરૂરિયાતનાં સાધનો પૂરા પાડી રહ્યા છે. શ્રી શાંતિભાઇ કનેરીયા તો ટેકરા પર અમુક જગ્યાએ બાંકડા (બેઠક) જેવું બનાવવાનું સૂચન કરી રહ્યા છે. તો બેનો પણ પોતપોતાની ક્ષમતા પ્રમાણે રસોઇના શ્રમયજ્ઞમાં રોકાયેલાં છે. અહીં એક ટંક ખીચડી, શાકનું ભોજન સાધકોને મળે છે. સૌ સાધકો લગભગ એક ટંક જમે છે, કોઇ કોઇ ફક્ત દૂધ, ફળ, કે પાણી અને ક્યારેક નિર્જળા પણ કરે છે.



આ રસોઇના કામમાં શ્રીમતી કીર્તિબેન કલોલા, મંજુલાબેન અમીન, શ્રી કંચનભાઇના બેન અને વૃદ્ધ માતાઓ (નેત્રંગ) વગેરે સૌએ પોતપોતાની રીતે કામ ઉપાડી લીધું છે. આખું સ્વર્ગારોહણ જાણે કે કામમાં ગુંથાયેલું છે. ઉત્સાહનું વાતાવરણ છે. બહાર સૂર્યાસ્ત થઇ સંધ્યાની લાલીમા પ્રકટી રહી છે. સર્વ કાંઇ દિવ્ય લાગી રહ્યું છે. પર્વતો, વૃક્ષો, માનવો, પશુઓ, પક્ષીઓ સર્વે જાણે કે એક દિવ્યતાથી પ્રકાશી રહ્યાં છે. સાધકોના મુખમંડલ નમ્રતા, પ્રેમ અને આનંદથી પ્રફુલ્લિત છે. જાણે જપયજ્ઞના આખા દિવસના જપ, ધ્યાન, પ્રાર્થના, ધૂન, દિવ્ય વાણી-શ્રવણ અને શ્રમયજ્ઞથી સંતોષ છે, શાંતિ છે. આજનો દિવસ જીવનમાં સફળ થયાનો સૌ અનુભવ કરે છે. હાં, વચ્ચે વચ્ચે સૌને વ્હાલા મા-પ્રભુની સ્થૂળ ગેરહાજરી સાલે છે. એ કેમ ભુલાય?

સાંજનું ભોજન તૈયાર થતાં સૌ સમૂહમાં "આ આન્ન બ્રહ્મરૂપ છે" મંત્ર બોલી મા-પ્રભુનું સ્મરણ કરી એ પ્રસાદ લે છે. એ પછી વિશ્રામ કરી રાત્રે આઠવાગ્યાનો આરતી, સત્સંગ ગરબાનો કાર્યક્રમ શરુ થઇ જાય છે. મા-પ્રભુની બાવની, દેવી ક્ષમાપન સ્તોત્ર, શાંતિપાઠ પછી ગરબા ગવાય છે. શ્રી પંડિતજી અને બાપજીની ગેરહાજરી સાલે છે.

શ્રી બાપજી માંદગીને લીધે મોડા મોડા પણ ચોથા નવરાત્રે આવી ગયા. સૌને આનંદ આનંદ થઇ ગયો. કારણ ધૂન, ગરબા ગાનાર કોઇ ખાસ હતું નહી. વળી બાપજીની સૌ સાથેની આત્મિયતા પણ. સૌએ જય પરમ કૃપાળુ મા-પ્રભુ કહી આગમનનો આનંદ વ્યક્ત કર્યો. અને ખરેખર આજની રાત્રિના ગરબામાં જ નવો પ્રાણ પૂરાયો. "આજ અહીં આવ્યો રે, મોહન ગિરધારી" ગાઇને બાપજીએ મા-પ્રભુની પ્રેમમય સ્મૃતિ કરાવી દીધી.

બીજા દિવસે ધૂનમાં પણ રંગ જામ્યો અને રાત્રિનો સત્સંગ તો ખરેખર ઘણો જ માર્ગદર્શક અને પ્રેરણાદાયી ઠર્યો. અફસોસ કે એજ રાત્રિથી બાપજીને ફરી તાવ ચઢયો તે છેક નવરાત્રિના છેલ્લા દિવસે ઉતર્યો. બાપજીની ઉપસ્થિતિ પણ ઉત્સાહ આપતી અને મનોગમ્ય પણ લાગતી હતી.

આ જપયજ્ઞમાં કુલ ૨૯ જેટલા સાધક ભાઇ બેનો હતા, છતાં એક કુટુંબ કરતાં પણ સવિશેષ રીતે પ્રેમથી એકબીજાને અનુકૂળ બનીને રહ્યા, તે વાત અવિસ્મરણીય બની ગઇ.

બઝારનું કામ પણ શ્રી બાલુભાઇ, શ્રી ઈશ્વરભાઇ, શ્રી ધીરુભાઇ, શ્રી દશરથભાઇ તથા શ્રી રાજુભાઇએ સ્વેચ્છાએ ઉપાડી લીધું હતું. એ સેવા પણ ભૂલાય તેવી નથી.

જપયજ્ઞના સમાપન દિવસે કેટલાક સાધકોએ પોતાના ભાવો રજુ કર્યા તે પણ સાંભળીયે.

સૌ પ્રથમ શ્રી ઈશ્વરભાઈ છાટબારે પોતાની વાતને રજુ કરતાં કહ્યું કે, પૂજ્ય મા કોઇ નવા સાધકને પહેલીવાર બોલવા ઊભા કરે ત્યારે કહે છે કે ના ફાવે તો આંખો બંધ કરીને બોલો, પ્રભુ બોલાવશે. તો હું પણ આંખો બંધ કરીને બોલીશ. "અહીં જપ-યજ્ઞમાં આવવાથી અમને નવી શક્તિ મળે છે. સાપને નોળિયાની લડાઇ થાય અને જેમ નોળિયો સાપના ઝેરની અસર દૂર કરવા નોળવેલ સૂંઘી લાવે અને નવી શક્તિ પ્રાપ્ત કરે તેમ મને પણ જપયજ્ઞથી નવી શક્તિ પ્રાપ્ત થાય છે, અને સંસારના વિકાર, વાસનાનું ઝેર ઓછું થતું જણાય છે. જપયજ્ઞ દરમ્યાન વિશ્રામના સમયે જ્યારે બજારમાં જઇએ તો એમ જ લાગે કે કોઇ જુદી દુનિયામાં આવી ગયા છીએ. શરીર યંત્રવત્ ફળ વગેરે ખરીદી



(સાધકો માટે) કરે પણ મન તો શાંત જ રહે. જપયજ્ઞનો અંતરમાં સતત અવર્ણનીય આનંદ રહે છે. આ જપયજ્ઞરૂપી પ્રભુનો સંસ્પર્શ કહેવાય છે.

શ્રી બાપજી આપણને નવી દૃષ્ટિ આપે છે એથી મા–પ્રભુને સમજવાની સૂઝ સાંપડે છે. આધ્યાત્મિક માર્ગની ઘણી જ ઝીણવટ ભરી વાતો સમજાવી તે બદલ એમનો આભાર. શ્રી બાલુભાઇ આપણને બાળકોની જેમ સાચવે છે તે બદલ એમનો પણ આભાર. શ્રી અજયભાઇએ જે સમય અને શિસ્ત જાળવ્યાં તે પ્રસંસનીય છે.

શ્રી શાંતિભાઇએ કહ્યું કે ઈશ્વરભાઇએ બધું જ કહી દીધું છે. હવે કાંઇ કહેવા જેવું નથી. ડો. શ્રી હરેન્દ્રભાઇ સુરતીયા કહે છે. "અમે સત્યપથમાં પૂજ્ય મા–પ્રભુના દર્શન કરવા ગયા હતા, ત્યારે મેં પૂજ્ય માને કહ્યું કે થોડા થોડા વખતે બેટરી ડીસ–ચાર્જ થઇ જાય છે તો આપ એવું કરી આપો કે આપ વિદેશથી પાછાં આવો ત્યાં સુધી બેટરી ચાર્જ જ રહે. ડીસ–ચાર્જ ન થાય." તો પ. પૂ. માએ કહ્યું, "તમારે થોડા થોડા દિવસે બાપજી પાસે જવું. ક્યારેક પંડિતજીને ત્યાં જવું, અને સ્વર્ગારોહણ પણ જવું. ત્યાં તમારી બેટરી ચાર્જ થઇ જશે. તે અહીં હું આ જપયજ્ઞમાં અનુભવી રહ્યો છું. અને મને જપયજ્ઞમાં ખૂબ જ આનંદ આવ્યો. ફરી વાર પણ જપયજ્ઞમાં ભાગ લેવાનો સંકલ્પ કરું છું. શ્રી બાપજીના આવવાથી ધૂન, ભજન અને સત્સંગનો વિશેષ લાભ મળ્યો. બાપજીનો ને સૌનો આભાર."

શ્રી રામભાઇ પોતાના વક્તવ્યમાં કહે છે. "અમને નવું જીવન, નવી શક્તિ જપયજ્ઞથી પ્રાપ્ત થાય છે. જે ઘરમાં જપ કરતાં ભાગ્યે જ અનુભવવા મળે છે. એક નમ્ર સૂચન છે કે બે ત્રણ

દિવસ જો સંપૂર્ણ મૌન રાખવામાં આવે તો વધારે લાભ લઈ શકાય. અથવા એક, એક દિવસના આંતરે પણ મૌન લઈ શકાય તો અવશ્ય આ જપયજ્ઞનો વધારે લાભ મળે. શિસ્ત માટે પણ આપણે હજુ વધારે જાગ્રત્ રહેવું જોઈએ."

શ્રી કંચનભાઈ પોતાના પર મા–પ્રભુની જે કૃપા છે તેને યાદ કરતાં કહે છે. ગયા વર્ષે હું જપયજ્ઞમાં અહીં (સ્વર્ગારોહણમાં) આવેલો. તો મને ઘણું જ બળ મળેલું. એ પછી મારે શીપમાં નોકરી પર જવાનું હતું. તેથી મનમાં એમ થતું હતું કે આ વર્ષે જપયજ્ઞમાં નહી જઈ શકાય. મા–પ્રભુને પ્રાર્થના સહજ થઈ ગયેલી કે "હે મા–પ્રભુ આપ કૃપા કરો તો જ આ વર્ષે જપયજ્ઞમાં જઈ શકાય." મા–પ્રભુની કૃપાથી અચાનક રીલીવર (છોડાવનાર) મળી ગયો, પરિણામે શીપ(જહાજ)ની નોકરીએ જવું પડયું નહીં. ઘેર રહ્યા પણ નવરાત્રિ આવવાના સમયે જ સંસારનાં કામોની દોડધામ વધી ગઈ. કોર્ટ, કચેરીઓમાં આવવા જવાનું થયું. ફરી થયું કે શું નવરાત્રિમાં જપયજ્ઞમાં નહી જઈ શકાય? સંજોગો બીલકુલ પ્રતિકૂળ હોવા છતાં મા–પ્રભુએ કૃપા કરી અને અનુકૂળતા કરી આપી. પરિણામે જપયજ્ઞમાં ભાગ લઈ શક્યો. એમ વ્હાલા મા–પ્રભુએ કૃપા વર્ષા કરી અને કરતા જ રહે એવી પ્રાર્થના. જય કૃપાળુ મા–પ્રભુ.

શ્રી બાલુભાઈએ કહ્યું. આપ સૌ અહીં આવ્યા તેથી અમને ઘણો આનંદ થયો. અહીં ઘણા બધાને અનુભવો થાય છે. અમને પણ થાય છે. હમણાં થોડા દિવસો પહેલાં એક સ્વપ્ન દર્શન થયું. તેમાં પ્રભુ અને પૂજ્ય મા બેઠાં છે. અને હું પ્રભુને કહું છું. "આ આધ્યાત્મિક મૂડી બેંકમાં જમા કરાવવી જોઈએ." તો શ્રી પ્રભુએ કહ્યું કે "લાવો અમે એ સ્વીકારવા જ બેઠા છીએ." તો પ્રભુ



અહીં બેંક ખોલીને બેઠા છે આપણે જપની મૂડી તેમાં જમા કરાવીયે.

આપ સૌ જપયજ્ઞ ના હોય ત્યારે પણ અવાર–નવાર આવતા રહો અને અહીંના પવિત્ર પરમાણુનો લાભ લો.

બાપજીએ પોતાની અનુભવયુક્ત વાતો કરતાં કહ્યું. અહીં સ્વર્ગારોહણમાં આપણને પ્રાર્થનાના જે પ્રત્યુત્તરો ઝડપથી મળે છે, જે દિવ્ય શાંતિ અને એકાગ્રતા અનુભવવા મળે છે. એની પાછળ આ સ્થળ માટે વ્હાલા પ્રભુ યોગેશ્વરજીનો વિશેષ સંકલ્પ અને મા ભગવતી સર્વેશ્વરીની સતત કૃપાદૃષ્ટિ રહેલાં છે. આ સ્થળ લેવાયું ત્યારથી તે અત્યાર સુધીમાં અહીં અનેક ધર્મગ્રંથોના પાઠ અને પારાયણો પ. પૂ. માના શ્રી મુખે વારંવાર થયેલાં છે. અમને એના ઘણી વખત સાક્ષી થવાનું સદ્ભાગ્ય સાંપડયું છે. શ્રી દુર્ગા સપ્તશતી, શ્રી વિષ્ણુસહસ્રનામ, શિવમહિમ્ન સ્તોત્ર, અને પ. પૂ. શ્રી યોગેશ્વર પ્રભુ અનુવાદિત ગુજરાતીમાં રામચરિત માનસનું પારાયણ સવિશેષ છે.

અહીં ઘણા નવા ભાઈબેનો છે જેમને કદાચ આ સ્થળ વિશેષની જાણકારી નહી હોય કે અહીંની માટીનો કણેકણ પવિત્ર બને આવનારને શાંતિ, આનંદ આવતાં જ સ્પર્શે એ માટે પૂજ્ય મા સર્વેશ્વરીએ કઠોર તપ અને સાધના કર્યાં છે. ઘણો વખત પૂ. માનો એવો સંકલ્પ હોય કે જ્યાં સુધી રામાયણનું પારાયણ પૂરું ના થાય ત્યાં સુધી પાણી સુદ્ધાં ના લેવું. આ પારાયણ કરવા છેક પંચાલભુવનથી ચાલતાં વહેલી સવારે લગભગ પાંચ વાગે અહીં આવવું. જ્યાં અત્યારે કુટીયા બની રહી છે ત્યાં. (સ્વર્ગારોહણન તો હજુ પાયા પુરાયા હતા.) શિયાળાના દિવસો હોય વહેલી સવાર

અને કડકડતી ઠંડીમાં પૂ. મા ઉઘાડા પગે (વર્ષોના ઉપવાસ અને એમાંય નિર્જળા વ્રત હોય ત્યારે) ચાલતાં આવે ત્યારે પૂ. માના પગ ઠંડા પડી ગયા હોય, ક્યારેક અક્કડ બની જાય, ત્યારે તાપ કરી ગરમ કરવા પડે. છતાં પૂ. મા પોતાના નિયમમાં અડગ રહી પારાયણનું સમૂહ ગાન કરે. દિવસના લગભગ ૧૧ કલાકનું ગાન કરે. અમારા જેવા યુવાનો થાકી જાય, પણ પૂ. મા તો નિત્ય નવીન શક્તિથી જાણે સજ્જ જ હોય. તો આ સ્થળમાં પવિત્રતા, દિવ્યતા સદાને માટે પથરાઈ રહે એ માટે અહીં અકલ્પનીય, જપ, ધ્યાન, પ્રાર્થનાઓ થઈ છે. નહીં તો આવાં કઠોર તપ આ સ્થળમાં જ વારંવાર શા માટે કરવામાં આવે?

ઘણી વખત પ. પૂજ્ય માના અંતરમાં આ સ્થળ માટે સવિષેશ ભાવનાઓ જોવા મળે છે. આ વખતેની તા. ૧૮ માર્ચની શિબિર વખતે એક દિવસ સવારે પ. પૂ. માએ સૌ સાથે ધૂન ગાતાં ગાતાં (સ્વર્ગારોહણના મકાનની) પ્રદક્ષિણા કરી હતી અને તે પછી સૌની હાજરીમાં મંચ પરથી એક મહાન સંકલ્પ કર્યો કે "ખબરદાર, અહિંયાં જો કોઈ અનિષ્ટ તત્ત્વ પ્રવેશ્યું તો." શું આ શબ્દોની પાછળ પૂ. માનો ભાવ સ્પષ્ટ નથી જણાઈ આવતો? કે અહીં આવનારને શાંતિ, આનંદ, પવિત્રતા અનુભવાય. અહીં જે દિવ્યતા શાંતિ, એકાગ્રતા અનુભવાય તેની પાછળ ખરેખર મા–પ્રભુની કૃપા, તપ અને સંકલ્પ રહેલાં છે.

તો આવા સ્થળનો આપણે આપણા જીવન વિકાસ માટે વારંવાર લાભ લેવો જોઈએ. ભગવાન શ્રીરામકૃષ્ણદેવ કહેતા કે સંસારીએ પણ મહિને બે મહિને અઠવાડિયા માટે એકાંતમાં જઈ પ્રભુ પ્રાર્થના કરવી, પ્રભુમય જીવન જીવવું જોઈએ તેથી સંસારનું ઝેર ઓછું થાય. તો આપણે એ એકાંત માટે અહીં આવી શકીએ.



પ્રભુ યોગેશ્વરજી કહેતા કે "જ્યારે અમે નહી હોઈએ, અમારી ગેરહાજરી હોય ત્યારે, અમારું સાહિત્ય અને વાણી સત્સંગની ગરજ સારશે." આ વાત આ વખતે સાંભળેલ કેસેટ અને સદગ્રંથ(હિમાલયના પત્રો)ના વાંચનથી સૌએ અનુભવી. ઘેરે પણ જ્યારે કેસેટ સાંભળીયે ત્યારે શાંતિથી બેસીને સાંભળીયે. ચાલતા ફરતાં નહી. કેટલાક લોકો સમયના અભાવે પણ હરતાં ફરતાં સાંભળે છે પણ એમ સાંભળવાથી શ્રવણ સંપૂર્ણ એકાગ્રતાથી થતું નથી. શ્રવણ બરાબર ન થવાથી મનન પણ બરાબર થઈ શકતું નથી. પરિણામે સાંભળ્યાનો યોગ્ય લાભ મળતો નથી.

શ્રી રામભાઈની જે મૌનની સૂચના છે તે યોગ્ય જ છે. વાતચીત કરીને મન, અંતર ચંચલ બની ક્યારેક અનેક ભાવોમાં રમ્યા કરે છે. એના લીધે સૂક્ષ્મસ્તરના આંદોલનો મન ગ્રહણ કરી શકતું નથી અને દિવ્ય અનુભવ થઈ શકતો નથી. તેથી મૌન એ ઘણું જ ઉપયોગી બની રહે.

કુ. શ્રી મયુરીબેન ટેલરે પોતાના ભાવો વ્યક્ત કરતાં કહ્યું કે હું ઘરે પંદર મિનિટ પણ માંડ બેસીને જપ કરી શકતી. અને અહીં આટલો સમય બેસી શકાય છે એકવાર તો હું એટલી તલ્લીન બની ગઈ કે કલાક ક્યારે પૂરો થઈ ગયો તેની ખબર પણ ના પડી. ખરેખર, મને અગાઉના જપયજ્ઞમાં ના આવવા બદલ અફસોસ થાય છે. હવે પછીના દરેક જપયજ્ઞમાં ચોક્કસ ભાગ લઈશ. મને અહીં ખૂબ જ આનંદ આવ્યો.

શ્રી અજયભાઈ કલોલાએ કહ્યું કે એક વખત અમે પૂજ્ય માને કહ્યું કે "મા, મારાથી જપ, ધ્યાન, પ્રાર્થના કાંઈ જ સ્થિર બેસી થઈ શકતાં નથી તો ઉપાય બતાવો. એ અરસામાં જ નવરાત્રિ આવતી હતી તેથી પૂજ્ય માએ નવરાત્રિમાં જપયજ્ઞનું

આયોજન કરવા સૂચન કર્યું અને કાર્યક્રમ પણ બનાવી આપ્યો. પૂજ્ય માના શુભાષિશથી અહીં જપયજ્ઞની એ રીતે શરુઆત થઇ.

ગયા વર્ષે હું બાપજીને તેડવા ગયો હતો. આ વખતે મને એમ હતું કે બાપજી અને પંડિતજી આવશે, પરંતુ આજરોજ પણ પંડિતજી ના આવ્યા અને બાપજી પણ તાવની અસરને લીધે ના આવ્યા. અમને થયું કે બાપજીને તાર કરી બોલાવીએ પણ વિચાર આવ્યો કે બાપજી પોતાની અંગત સાધનામાં રોકાયા હોય તો એમને દખલ નથી કરવી. છતાં જ્યારે પ. પૂ. માને જપયજ્ઞના પ્રણામ પાઠવવા તાર કર્યો ત્યારે બાપજીને પણ તાર કરવાની ઈચ્છા થઇ આવી અને તાર કર્યો સૌ સાધકોના પ્રણામ. પાઠવ્યા. મને હતું જ કે આ તાર પાછળની ઈચ્છા બાપજી સમજી જશે. અને ખરેખર બીજે જ દિવસે બાપજી આવી ગયા. એટલે મને ખૂબ જ આનંદ થયો. શ્રી બાપજીએ સતત જાગ્રતિની વાત કરી, આપણે આ જપયજ્ઞ શા માટે કરીએ છીએ? એનું લક્ષ્ય શું છે? શું આપણે યોગ્ય દિશામાં છીએ વગેરે માર્ગદર્શન આપ્યું એમનો ખૂબ ખૂબ આભાર.

શ્રી શાંતિભાઇ કનેરીયાએ આપણને શ્રીરામકૃષ્ણદેવના જીવન પ્રસંગોની સાર જેવી વાતો કરીને કાર્યક્રમમાં રસ જાળવી રાખ્યો. તે બદલ તેમનો પણ આભાર.

શ્રી બાલુભાઇના સાથ સહકાર વિના અહીંનો આનંદ અધૂરો રહી જાત.

છેલ્લે સૌ સાધક ભાઇબેનોનો સહયોગ અને શિસ્તપાલન માટે આભાર. આ જપયજ્ઞથી મને પોતાને અવશ્ય લાભ થયો છે. આપ સહુને પણ વત્તે ઓછે અંશે એનો અનુભવ થયો છે. તો ફરી આવતા જપયજ્ઞમાં આપણે સૌ મળીયે તેવી મા–પ્રભુને પ્રાર્થના.



### અડતાલીસમા મા શ્રી સર્વેશ્વરીના

# પ્રાકટ્યદિનના ઉજવણા

તંત્રી

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ૪૮ મા જન્મદિનની ઉજવણી તેઓશ્રીના જન્મસ્થળ કપૂરામાં તા. ૧૩ નવેમ્બર ૯૧ ના રોજ ભારતના સાધકો તરફથી કરવામાં આવી. આ નિમિત્તે ૪૮ દીપો પ્રકટાવી પૂ. મા શ્રી સર્વેશ્વરીની સ્તુતિ કરતા ખાસ ગીતની રજુઆત બાળાઓએ ભાવપૂર્ણ રીતે કરી. ગીતના શબ્દો હતા :

"શત દીપ પેટાવો માત,<br>
માના જન્મ દિવસે આજ,<br>
ઝંકૃત કરી દોને સાજ."

ગીતના અંતમાં એવી ભાવના વ્યક્ત કરવામાં આવી કે પૂ. માની લગની નીરખીને પ્રભુ યોગેશ્વરજીને લીલા કરવા એક દિન જરૂર પ્રકટવું પડશે. સુંદર શબ્દોમાં સહુના હૈયાના સુંદર ભાવો શ્રી ઈશ્વરભાઈએ આ ગીતમાં ગૂંથી લીધા છે.

આ પછી પૂ. માના વડીલ બન્ધુ શ્રી વિઠ્ઠલભાઈને એક મિનિટનું મૌન જાળવી સહુએ શ્રદ્ધાંજલિ અર્પી. તેઓશ્રીના આકસ્મિક નિધન પ્રત્યે સહુએ દુ:ખની લાગણી અનુભવી. પોતાના પ્રારંભિક વક્તવ્યમાં શ્રી ઈશ્વરભાઈએ જણાવ્યું કે આપણે જો સંત પ્રત્યે અભિમુખ હોઇએ તો જ તેઓની કૃપા આપણે અનુભવી શકીએ છીએ.

શ્રી મણિબેન ઈશ્વરભાઇ ભક્તે પૂ. માની આરતી કરી અને તે પછી સાધક ભાઇબહેનોએ પ્રારંભમાં જ પૂ. માની સ્તવનમાળા સાથે ૧૦૮ દંડવત્ પ્રણામ કર્યાં.

આ પછી શ્રી ઈશ્વરભાઇએ સંદેશા વાંચન કર્યું હતું, જેમાં શ્રી સુરેશભાઇ શાહ, (કેનેડા) શ્રી વિષ્ણુભાઇ જાની, શ્રી જે. બી. શાહ, શ્રી ભાઇશંકરભાઇ ત્રિવેદી, શ્રી છગનભાઇ ભુલાભાઇ ભક્ત, (અમેરીકા) શ્રી અતિસુખલાલભાઇ શેઠ વગેરેના સંદેશાઓનો સમાવેશ થતો હતો. વળી શ્રી સુશીલાબેન ભક્તની અનુપસ્થિતિનો ખાસ ઉલ્લેખ કરી, જણાવ્યું હતું કે તેઓએ શ્રી યોગેશ્વર બાવનીને પ્રભાતિયાના ઢાળમાં સરસ રીતે સ્વરબદ્ધ કરી છે, પરંતુ શ્રી મોહનલાલની બિમારીને લીધે તેઓ હાલ અહીં નથી, તેથી તેઓના સુરીલા કંઠની ઉણપ અત્રે વરતાય છે.

કપૂરાના શ્રી નટવરભાઇએ જણાવ્યું હતું કે પૂ. માના નાના સ્વરૂપમાં અનંત શક્તિ રહેલ છે. ગુરુકૃપાથી તેમને આ દિવ્યતા પ્રાપ્ત થયેલ છે. આપણ સહુને પણ એવી દિવ્યતા પ્રાપ્ત થાય એવી ભાવના છે.

સંત શ્રી દવે બાપુએ પૂ. માના ભગવતી સ્વરૂપની યાદ આપતાં જણાવ્યું હતું કે મને અગાસી માતાના સ્વરૂપમાં મા શ્રી સર્વેશ્વરીનું દર્શન થયું હતું. ઘણા જન્મોના પુણ્યનો ઉદય થાય ત્યારે સંતનો મેળાપ થાય છે.

શ્રી યોગેન્દ્રભાઇ પરીખે પોતાનો પૂ. માના પરિવાર સાથેનો ઘણાં વર્ષોનો સંબંધ તાજો કરતાં કહ્યું હતું કે પૂ. શ્રી કાલિદાસ કાકા તો અમારા માટે થાકીએ ત્યારે વીસામારૂપ હતા. આથી પૂ. માને અમે ઘણાં વર્ષોથી જાણીએ. પરંતુ તેઓ છેલ્લાં થોડાં વર્ષોમાં



કેટલાં બધાં આધ્યાત્મિક ક્ષેત્રે આગળ વધી ગયાં! આજના વિજ્ઞાનનું જ્ઞાન કેવળ ઇન્દ્રિયો સુધી સીમિત છે. હજી આપણે આત્મજ્ઞાનના નિયમોની જાણકારી નથી મેળવી શક્યા. રેલ્વેના બે પાટાઓના સાંધા વચ્ચે માત્ર એક ઇંચની જગા ભલે હોય, પરંતુ તે પૂરાઇ જતાં જેમ ગાડીની ગતિની દિશા બદલી નાંખે છે, તેમ પૂ. માના જીવનમાંય ગુરુકૃપાથી આ સાંધાની જગા પૂરાઇ જતાં તેમનો સમગ્ર જીવનરાહ બદલાઇ ગયો. તેઓ શાન્તિ અને શક્તિની અનુભૂતિના ક્ષેત્રમાં પહોંચી ગયાં, જેનો અનુભવ આંતરિક વિકાસ વિના શક્ય નથી.

કપૂરાના શ્રી રમણ ભગતે જણાવ્યું કે સંત પુરુષો ગમે ત્યાં સરળતાથી મળતા નથી. તેઓનું આ પૃથ્વીપરનું અવતરણ આપણામાં રહેલી આસુરી વૃત્તિઓનો નાશ કરવા માટે હોય છે. એટલે આપણે પણ આપણું પાત્ર સારું બનાવવું જોઇએ કે જેથી તેમની કૃપા ઝીલી શકાય.

શ્રી કુન્દનબેન રાણાએ કહ્યું કે પૂ. મા એ સામાન્ય સ્ત્રી નથી, તેમ જ તેમનો ત્યાગ કે વૈરાગ્ય એ કોઇ અભાવોમાંથી જન્મેલો નથી. તેઓનું જીવન એ સ્ત્રીશક્તિના જ્વલંત ઉદાહરણરૂપ છે. પૂ. માની વિશેષતા એ છે કે દરેકને એમ લાગે છે કે પૂ. મા મારાં છે.

શ્રી બાબુભાઇ વોરાએ પોતાની અકસ્માતમાંથી રક્ષા પૂ. ગુરુદેવ અને પૂ. માએ કેવી અદ્ભુત રીતે કરી, તે પ્રસંગનું વર્ણન કરી કહ્યું કે પૂ. માને હજી આપણે યથાર્થ રીતે સમજી કે ઓળખી શક્યાં નથી.

શ્રી માલતીબેને પૂ. મા વજ્રથી પણ કઠોર ને ફૂલથી પણ કેવાં કોમળ સ્વભાવનાં છે. તેનો જાત અનુભવ રજુ કર્યો હતો, જ્યારે શ્રી ભોજાણીભાઇએ પૂ. માના પ્રાકટ્યથી કપૂરાની આ ધરતી ધન્ય

બની છે, એ ભાવ સહુ સાધકો વતી વ્યક્ત કર્યો હતો. નાના મનીષે પૂ. માને હૃદયના ભાવો કેવા, પહોંચે છે, તે અંગેનો રાખડીનો પોતાનો જાત અનુભવ ટૂંકમાં વર્ણવ્યો હતો.

પૂ. માના આ જન્મદિન નિમિત્તે તેઓએ રચેલ ગુરુ-લીલામૃતની શ્રી ઈશ્વરભાઇ દ્વારા સંસ્કારિત કરાયેલ આવૃત્તિનું પારાયણ ત્રણ બેઠકોમાં સહુ સાધક ભાઇબહેનોએ સાથે મળી ભાવપૂર્વક કર્યું હતું.

બપોરની બીજી બેઠકમાં શ્રી નારાયણભાઇ જાનીએ પૂ. માના જીવનનાં વિવિધ પાસાંઓનો પરિચય ઉદાહરણો સાથે કરાવ્યો હતો. જીવોને પ્રભુના માર્ગે વાળવા તે સર્વશ્રેષ્ઠ સત્કર્મ છે એમ જણાવી, પૂ. મા સર્વેશ્વરી કેવું મહાન સત્કર્મ કરી રહ્યાં છે, એ સમજાવ્યું હતું.

તે ઉપરાંત સ્વ. શ્રી વિઠ્ઠલભાઇને શ્રદ્ધાંજલિ પણ અર્પી હતી.

આ કાર્યક્રમમાં ભાગ લેવા ઘણા બધા સાધક ભાઇબહેનો ખૂબ દૂર દૂરથી આગલા દિવસની રાતે પહોંચ્યાં હતાં. તે સહુના ઉતારા અને ભોજનની વ્યવસ્થા શ્રી ઈશ્વરભાઇની દોરવણી નીચે કપૂરા ધ્યાનકેન્દ્રના સેવાભાવી ભાઇબહેનોએ સરસ રીતે કરી હતી; જો કે પૂ. મા અમેરિકા હોવાથી તેઓની ગેરહાજરી સહુ મહેસૂસ કરતાં હતાં.

શ્રી ઈશ્વરભાઇએ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન ખૂબ કુશળતાપૂર્વક કર્યું હતું જ્યારે શ્રી અજય કલોલાએ તેને વિડીઓમાં ઉતાર્યો હતો.

સાધકોએ શ્રી વામનભાઇ તથા શ્રી ગંગાબેનને ત્યાં આરતી-માં હાજરી આપી સ્વ. શ્રી વિઠ્ઠલભાઇને શ્રદ્ધાંજલિ આપી હતી.



## સદ્ભાવભરી સહાય

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગેશ્વરજી તેમ જ પૂ. મા શ્રી સર્વેશ્વરીની સતત વરસતી કૃપાને લીધે અધ્યાત્મ માસિકને વાંચકો ભેટો મોકલતા રહે છે. ઘણીવાર અણધારી સહાયો પણ આવી મળતી હોય છે, તેમાં રહેલી ગુરુકૃપાનું દર્શન શ્રદ્ધાળુને થાય.

રૂ.

૫૦ શ્રી ઈન્દ્રવદન મોહનલાલ શાહ, અમદાવાદ.

૫૧ શ્રી નિલેશ એમ. પંડયા, વડોદરા–માતાજી બિમારીમાંથી સારાં થતાં.

૨૫ વીણાબેન ઠાકોરભાઇ દેસાઇ, સુરત.

૧૦૧ શ્રી બાલમુકુન્દ પરીખ, અમદાવાદ–પૌત્રનો જન્મ થતાં.

૨૦૧ શ્રી સંજયસિંહ એમ. ઝાલા, અમદાવાદ–નવું સ્કૂટર લેવા પ્રસંગે.

૧૧ શ્રી ચંદ્રકાન્ત ટેલર, રાંદેર.

૨૫ છોટુભાઇ નાથુભાઇ પટેલ, સુરત.

૫૧ શ્રી પાર્વતીબેન છગનભાઇ દેસાઇ, સ્યાદલા.

૨૫ શ્રી કપિલાબેન કનુભાઇ, વડોદરા–અંબાજીમાં ચાનું વ્યસન છૂટતાં.

૧૫૧ શ્રી નારણભાઇ ભરવાડ, અમદાવાદ–પિતાજી સોમાભાઇ-ના સ્વર્ગવાસના નિમિત્તે.

૨૧ ડૉ. શ્રી મણિલાલ મગનલાલ લાડ, પરવઢ.

૯૦ શ્રી ચંદ્રવિદ્યા પી. મિસ્ત્રી, ડભોઇ.

૧૦૧ શ્રી કપૂરા મહિલા મંડળ, તરફથી પૂ. માના જન્મદિન નિમિત્તે.

૧૧ શ્રી જસુબેન રંગીલદાસ સોરઠિયા, સુરત.

૬૫ સુરતના એક સાધક તરફથી.
૩૧ શ્રી રીટાબેન મુકુન્દકુમાર સોરઠિયા, સુરત–બેબીના સુખ-રૂપ પ્રાકટ્ય નિમિત્તે.
૧૦૧ શ્રી સુરેશભાઇ શાન્તિલાલ જાપી તથા શ્રી ધીરુભાઇ શા. જાપી તરફથી માતાજીનું ઓપરેશન સફળ થતાં.
૪૩ શ્રી ભારતીબેન ગી. અગ્નિહોત્રી, સુરત.
૬૧ શ્રી અનંત રામચંદ્ર ધાણેકર, અમદાવાદ–૬૧ વર્ષ થતાં.
૧૦૧ સ્વ. શ્રી ગોવિંદભાઇ ભૂતના સ્મરણાર્થે તેઓનાં ધર્મપત્ની મધુબેન ભૂત તેમ જ સંતાનો પુનિતા, ખૂશ્બુ અને બાબા તરફથી.
૧૧ શ્રી દામોદરભાઇ ત્રિ. ગોહિલ, વઢવાણ શહેર–સ્વ. દાદા શ્રી જાદવજીભાઇની સ્મૃતિમાં.
૫૧ શ્રી હરસુખરાય પંડયા, રાજકોટ–પુત્ર–પુત્રીના જન્મદિન નિમિત્તે.
૨૫ શ્રી ચંદ્રકાન્તભાઇ શાહ, અમદાવાદ–તેઓનાં પત્ની શ્રીમતી ચંદ્રિકાબેનને પૂ. માના સ્વપ્નદર્શન થતાં.
૩૧ ચિ. જહીને તથા,
૩૧ ચિ. જયને શાળામાં પ્રવેશ મળતાં, હા. ઠાકોરભાઇ બી. દેસાઇ, સુરત.
૧૦૧ શ્રી મધુસૂદનભાઇ પોપટ, મોરબી, સંકલ્પ સિદ્ધ થતાં.
૫૧ શ્રી નિકિતા કસ્તુરભાઇ પટેલ, અમદાવાદને નોકરી મળતાં.
૨૧ શ્રી મધુરિકા ગિરધરભાઇ શાહ, અમદાવાદ–ભાઇનું ઓપરેશન સફળ થતાં.
૧૫૧ ડૉ. જયેશ એન. પટેલ, માસ્મા, બેબી પ્રીતિની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે.



૧૧ શ્રી બાલમુકુન્દ શ્રોફ, મોરબી.
૨૧ એક સાધક ભાઇ તરફથી.
૧૧ એક સાધક બેન તરફથી. (ટપાલમાં)
૧૦૧ શ્રી ઘનશ્યામ દેસાઇના પુત્ર ભાવેશના પુત્રનું પૂ. મા તરફથી નામકરણ થતાં, ભાવનગર.
૧૨૫ શ્રી છગનલાલ સોરઠિયા, સુરત.
૧૧ શ્રી રાજેન્દ્ર કે. ભટ્ટ, મોરબી.
૧૧ શ્રી કે. એમ. ભટ્ટ, મોરબી.
૧૧ શ્રી દામોદરભાઇ ગોહિલ, વઢવાણ સીટી.
૧૦૧ શ્રી ભાનુબેન જોષી, પોરબંદર.
૫૧ શ્રી વિમળાબેન બારોટ, બ્રિસ્ટોલ, યુ. કે.
૧૦૧ શ્રી વિવેક કમલેશભાઇ દવે, મા–પ્રભુની કૃપાથી ઓપ-રેશન સફળ થતાં.
૧૧ શ્રી ગૌરીબેન હસમુખલાલ ચૌહાણ, સ્વ. બેન શ્રી ગોમતીબેન જાદવજીભાઇ ગોહિલની સ્મૃતિમાં.
૫૧ શ્રી ધનસુખલાલ મગનલાલ પટેલ, સુરત.
૧૦૧ શ્રી અમર લવજી પુરોહિત, પીથાપુર.
૨૧ શ્રી લવજી દાનાજી પુરોહિત, શ્રી શાન્તાબેનની તબીયતમાં સુધારો થવાથી.
૨૫ શ્રી રવજી મેઘજી કલોલા, ખોરાસાગીર–પુત્રી સરલાને ત્યાં પુત્ર જન્મ થતાં.
૨૫ શ્રી કમલેશકુમાર જમનાદાસ કલોલા, ખોરાસાગીર.
૧૦૧ શ્રીમતી કૈલાસબેન વિનોદભાઇ જોષી, વડોદરા.
૧૦૧ શ્રી યતીન અનિરુદ્ધ કાકા, વડોદરા–યોગ કન્સ્ટ્રક્શન કું.
૧૧ શ્રી મધુસૂદન પોપટ મોરબી, નવા વર્ષ નિમિત્તે.

૩૧ શ્રી ચારુબેન તરફથી પૂ. માના જન્મદિન નિમિત્તે.
૩૧ શ્રી ચારુબેનના જન્મદિન નિમિત્તે.
૧૦૦ શ્રી હિમાંશુ પાઠક, સુરત.
૩૦ શ્રી કંચનભાઇ પટેલ, સુરત.
૫૧ શ્રી ઇનવેર ટેલર, ગોરવા, સુરત.
સહુને અભિનંદન.

**પરદેશના સાધકો તરફથી સહાય**

૩૪૯૫ શ્રી મહેન્દ્રભાઇ ભક્ત, ન્યુઝીલેન્ડ–ચિ. ગાર્ગીના જન્મદિન નિમિત્તે તથા પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના ભગવતી સ્વરૂપના પ્રાકટ્યદિનથી આરંભીને.
૫૦૧ પૂ. માના કૃપાકિરણથી
૪૨૫ શ્રી રતિલાલભાઇ કેશવભાઇ મિસ્ત્રી, રગ્બી (યુ. કે.)–પૂ. મા પ્રભુની કૃપાથી ધારેલ કાર્ય પૂર્ણ થતાં (પા. ૧૦).
૪૨૫ કુ. શીલાબેન રતિલાલ મિસ્ત્રી, રગ્બી (યુ. કે.)–પહેલા પગારની આવકમાંથી (પા. ૧૦).
૬૩૫૦ શ્રી પી. એલ. પટેલ, યુ. કે.–પુત્ર દીનેશને ત્યાં પુત્ર જન્મ થતાં પાઉન્ડ ૧૫૦.
૧૨૭૫ એક બેન તરફથી પોતાના દિવંગત પતિના સ્મરણાર્થે.
સહુને અભિનંદન.

**પૂ. માના જન્મદિન નિમિત્તે**

૧૭૭૩ કપુરા ખાતે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના જન્મદિન નિમિત્તે સાધક ભાઇબહેનો તરફથી આવેલ ભેટના. હા. ઈશ્વરભાઇ ભક્ત.



## * તનડાને તપાવ્યું *

તનડાને તપાવ્યું તેં તો, મનડાને નહિ મનાવ્યું રે,
નિરમળતાનું નગર આખું, કિચડથી ઉભરાવ્યું રે. તનડાને૦

સંસારી સંકલ્પો યજ્ઞ વેદીને, પરમારથ વિના ને પામે રે,
હજાર અશ્વને વ્હેતા કરે પણ, સ્વાર્થને રાખે છે સામે રે. તનડાને૦

રાગદ્વેષાદિને કામક્રોધાદિ, કાર્ય કર્યા બંધન હાથે રે,
ચિત્ સરોવર સંસારભરમાં સ્નાન કર્યા છે સાથે રે. તનડાને૦

આત્મપ્રસાદે પવિત્રતામાં, જ્ઞાન કૌશલે ગોત્યું રે,
બત્રિશ પાંખડી વીણાના નાદે, અંધારાને વિંધ્યું રે. તનડાને૦

વનદેવીને વિચિત્રતામાં, આકર્ષણ આપ્યું અનોખું રે,
કમળપત્ર સમ, જીવના રથને કામદેવથી કેમ જોખ્યું રે. તનડાને૦

મૃગ લોચની માયાપર બેઠી, હું વાંજણી થઇ વેવારી રે,
કલ્પ વૃક્ષને કાયામાં રાખી, સંઘરીને સાવરણી મારી રે. તનડાને૦

અંતર ખુલ્યા અજવાળા જોયા, અંધારે કંઇક અટવાયા રે,
પરોપકારના પોટલા માંહે, શ્યામજી સ્વાર્થને જોયા રે. તનડાને૦

વૈદ શ્યામજીભાઇ તળાવિયા

## * તારા હાથનું હથિયાર *

હરિ ! તારા હાથનું હથિયાર,
હું તો તારા હાથનું હથિયાર.

તું નાટકનિયામક કરતો સૂત્રતણો સંચાર,
ખેલ ભલે ખેલાયે ઘટમાં, હું નહિ ખેલનહાર.
હરિ ! તારા હાથનું હથિયાર.

સુખ કે દુઃખ હું દઉં લઉં ના, વિજય વરું ના હાર,
તારે માથે કુસુમો–કંટક જશ–અપજશનો ભાર;
હરિ ! તારા હાથનું હથિયાર.

પામર હું પાંદલડું, તારી પ્રાણફૂંકે વહેનાર,
અંગુલિએ તવ ઝણઝણતા આ જીવન વીણાતાર;
હરિ ! તારા હાથનું હથિયાર.

પાર્થ રથી (હું) સારથી તું સાચો મહાભારત રચનાર,
હું તો કેવલ ચક્ર સુદર્શન તુજ તાતી તલવાર;
હરિ ! તારા હાથનું હથિયાર.

જગમાં થાતું તારણ–મારણ તવ ઇચ્છાનુસાર,
કરુણાકર–કરનું જ કરણ હું, ચેતનનો ચમકાર.
હરિ ! તારા હાથનું હથિયાર.

સ્વ. મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)



## * શ્રીસદ્‌ગુરુ ભાવાંજલિ *

દિવ્ય 'દેહ–વિલય'ના દિને, ગુરુદેવચરણે વંદના !
'ગુરુભાવ'–યોગે હૃદય–મનમાં, સદૈવ છે સન્મુખતા !

દેહધારી સંતની—ચૈતન્યશક્તિ છે ગુરુ !
જડ દેહ સાથે નાશ ના, સ્થળ–કાળથી પર છે ગુરુ !

ગુરુચેતના સ્થૂલ–સૂક્ષ્મરૂપે—સર્વવ્યાપક છે સદા,
–જે સિંચતી શ્રેયાર્થીમાં, નિજ જ્ઞાન–સંપત સર્વદા !

'સાધન' થકી ગુરુચેતનાનું અવતરણ દિલમાં થતું !
ને, બોધ પામી માર્ગનો, જીવન અહા ! ઊર્ધ્વે જતું !

ગુરુજ્ઞાન છે સંસારની, સ્વર્ગીય સુંદર સંપદા !
જનમોજનમ અજવાળતી, માંગલ્ય જ્યોતિ છે સદા !

ગુરુદેવના ઉપકાર અહો ! અમ આત્મજીવનમાં ઘણા !
'સર્વમંગલ'—ધ્યેય અર્થે, લેશ નવ રાખી મણા !

સદ્‌ગ્રંથ દ્વારા 'જ્ઞાન–ક્રાન્તિ'—સદ્‌ગુરુની નેમ છે !
ને, શિવ સાથે જીવનું સંધાન કરતો—પ્રેમ છે !

વળી, ધ્યાન–સત્સંગની શિબિરો, ધર્મની વૃદ્ધિ કરે !
નિત્ય નિર્મળ રાખીને—વ્યવહારની શુદ્ધિ કરે !

ઊંડે ઊંડે આ જ્ઞાનમય, નિજ ભાવ–ભૂમિકા મહીં,
ભક્તિ–શરણ આરાધતાં, 'ગુરુભાવ' તે સાધે તહીં !

શો ! શુભમંગલ ભાવ દિલમાં—સતત ઘૂંટાતો રહે !
ને, સદ્‌ગુરુચૈતન્ય સાથે—તાર જોડાતો રહે !

'પ્રભુભાવ'ના આદેશનો—જે સાદ સાંભળતો રહે,
જયવંત વર્તાવી,—જીવનને ધન્ય તે કરતો રહે!

પ્રભુ પ્રીછવા ને પામવા, સદ્‌ગુરુશરણ સ્વીકારીએ!
આરાધી આજ્ઞા મન-હૃદયથી, શ્રેય સહુનું સાધીએ!

શ્રીસદ્‌ગુરુ ભગવંતને—વંદન હજારો વાર હો!
'સર્વમંગલ'—ધ્યેયનો, જયકાર હો! જયકાર હો!

— રતિલાલ ભાવસાર

●


પ્રભુવિણ જે કંઈ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૩૬૦૦૦૨




## * નિહાળું છું *

જ્યાં જ્યાં નિહાળું છું બધે,
વિભુની છબી દેખાય છે,
ઝરણાં, સરિતા, પહાડ, ફૂલે,
એ છબી દેખાય છે.

સાગર વનોને છોડ પંખી,
ખેતરે દેખાય છે,
આકાશ, ધરતી, સમીરમાં,
વિભુની છબી દેખાય છે.

તરુ, ચાંદની અંધકારમાં,
સવાર ને વા સાંજમાં,
આ ચંદ્ર, તારા, સૂર્યમાં,
વિભુની છબી દેખાય છે.

આ બાળ ને યુવાન, નારી,
પ્રૌઢની ઉરછાબમાં,
હર શ્વાસમાં હર ખ્વાબમાં,
વિભુની છબી દેખાય છે.

ડો. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ્)

## * જીવણ ! *

જીવણ ! જતન કરીને જીવો.
જો જો, બૂઝે ન આતમ–દીવો
જીવણ ! જતન કરીને જીવો.

કેટકેટલા વાયુ વિકારી
ઝંઝા શા ઝંઝેટે!
મૂળ–સોતાં વટ–વૃક્ષ ઉખેડે
સ્થિર–દ્યુતિ પણ લેટે!

આલંબન અવિનાશી કેરું
પ્રેમ–પદારથ પીવો
જીવણ ! જતન કરીને જીવો,

દેહ–કોડિયે, વાટ પ્રાણની
ભક્તિ–સ્નેહ સંભરણે,
જાગૃતિ એવી જાળવવી
ઝોકું ન આવે મરણે!

મા ભૈઃનો મંત્ર જપો મર
જગદૂરિતથી બીવો
જીવણ ! જતન કરીને જીવો.

જો જો, બૂઝે ન આતમ–દીવો
જીવણ ! જતન કરીને જીવો.

ડૉ. રણજિત પટેલ (અનામી)



# આધ્યાત્મિક સાધના અને આસન

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

આસન આધ્યાત્મિક સાધનામાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આસનથી શરીરમાં સ્થિરતા, દૃઢતા તથા લાઘવ અર્થાત્ શરીરનું હળવાપણું આવે છે. શરીરમાં જ્યારે આવી સ્થિરતા, દૃઢતા તથા લાઘવ આવે ત્યારે જ આધ્યાત્મિક સાધના સરળ બને છે. શરીર સ્થિર થાય ત્યારે જ મન સ્થિર થાય છે અને મન સ્થિર થાય ત્યારે જ આધ્યાત્મિક સાધનામાં આગળ વધી શકાય છે.

આસન બે પ્રકારનાં છે–જેમાં શરીરનું હલનચલન કરવામાં આવે એવાં આસન અને જેમાં સ્થિરતાથી બેસી રહેવાનું હોય એવાં આસન–પ્રથમ પ્રકારનાં આસનો નિયમિત કરવાથી શરીર-માંથી તમામ પ્રકારના મળનો સંચય દૂર થાય છે, તાઝગીનો અનુભવ થાય છે, આત્મશક્તિનો પ્રભાવ શરીરના પ્રત્યેક કોષ ઉપર પડે છે અને જ્ઞાનતંતુઓની સ્થિરતા તથા દૃઢતા પ્રાપ્ત થાય છે. આ ઉપરાંત શરીર થાકી જાય, ભૂખતરસ લાગે અને મલમૂત્ર દૂર કરવાની ઈચ્છા થાય એ સિવાય શરીર યાદ આવતું નથી. આથી શરીરમાં રહેલા આત્મા દેહના બંધનોની પકડમાંથી મુક્ત થાય છે. શરીરમાં મળનો સંચય થાય ત્યારે જ રોગ થવાથી શરીર યાદ આવે છે અને મન આધ્યાત્મિક સાધના તરફ જતું નથી. સાધક સાચા અર્થમાં વિદેહી બને છે અને દેહબુદ્ધિ ઓસરી જાય છે. એટલે આધ્યાત્મિક સાધના કરનારે આવા પ્રકારના તાલાસન,

ઉત્કટાસન, હસ્તપાદાંગુષ્ઠાસન, કોણાસન, ત્રિકોણાસન, પ્રાથમિક ચક્રાસન, યોગમુદ્રા, પશ્ચિમોત્તાનાસન, અર્ધમત્સ્યેન્દ્રાસન, ભુજંગાસન, શલભાસન, ધનુર્વક્રાસન, પવનમુક્તાસન, સર્વાંગાસન તથા શવાસન એટલાં આસનો નિયમિત સવારે ખાલી પેટે કરવાં જ જોઈએ.

પરંતુ આધ્યાત્મિત સાધનામાં બેસીને સ્થિરતાથી કરવાનું આસન વધુ મહત્ત્વનું છે.

આવું આસન કરવા જમીન ઉપર ઘાસનું, ગરમ ધાબળાનું કે મૃગચર્મનું આસન બિછાવવું જોઈએ અને તેના પર સ્વચ્છ વસ્ત્ર પાથરવું જોઈએ.

આવા આસન ઉપર બેસવાથી શરીરમાં આત્માની શક્તિમાંથી નીકળતો સૂક્ષ્મ વિદ્યુત્પ્રવાહ જળવાઈ રહે છે. શરીર આ વિદ્યુત્-પ્રવાહની સહાયથી જ વિવિધ રાસાયણિક ક્રિયાઓ કરી શરીરને નીરોગી તથા દીર્ઘાયુષી રાખે છે. આવાં આસન દરમિયાન શરીર-માં વિદ્યુત્શક્તિમાં વધારો થાય છે. સાવ ભોંયપર કે પત્થરપર બેસીને સાધના કરવાથી આ વધારાનો વિદ્યુત્પ્રવાહ જમીનમાં ચાલ્યો જાય છે. આથી જ આધ્યાત્મિક સાધના કરનારે વિદ્યુત્-પ્રવાહ કાયમ માટે બળવાન ન બને ત્યાં સુધી સપાટનો, ચાખડી-ઓનો કે વિદ્યુત્ માટે અવાહક એવા ચંપલ ફરસબંધીપર કે ખુલ્લામાં ચાલતી વખતે પહેરી રાખવાં જોઈએ. આથી ચરણો પણ સ્વચ્છ રહેવાથી શરીરમાં વિદ્યુત્પ્રવાહ જળવાઈ રહેશે. ગંદા પગમાંથી આ વિદ્યુત્પ્રવાહ જલદી જમીનમાં ચાલ્યો જાય છે.

આસનમાં ટટાર બેસવાનું આવશ્યક છે કારણ કે આવા આસનમાં કરોડ તથા કરોડરજ્જુ મહત્ત્વનો ભાગ ભજવે છે. આ



કરોડને ચોથું મગજ માનવામાં આવે છે અને એમાં રહેલ કરોડરજ્જુ મારફત પ્રાણનાં સ્પંદન કંઠથી નીચેના તમામ કોષો સુધી પહોંચે છે. વાંકા વળીને ધ્યાન ધરવાથી કરોડરજ્જુ વાંકુ વળીને ખેંચાય છે અને તેથી પ્રાણનો પ્રવાહ બરાબર વહી શકતો નથી.

શરીર ટટાર રહેવાથી શરીરના અંગોનું વજન બંને બાજુ સમાન રીતે વહેંચાઈ જતાં ટટાર બેસવાનું ધીમે ધીમે સરળ થાય છે. શરીર અને કરોડ ટેવાયા ન હોવાથી શરૂઆતમાં થોડા સમય માટે પણ આમ ટટાર બેસવામાં મુશ્કેલી જણાય છે. પરંતુ અભ્યાસ થવાથી ધીમે ધીમે આ મુશ્કેલી હળવી બનવા લાગે છે.

પ્રથમ, પદ્માસનમાં બેસો. પદ્માસન વાળી ન શકાય તો માત્ર પલાંઠી વાળીને બેસો. પલાંઠી વાળીને બેસો ત્યારે બંને ઢીંચણ વચ્ચેની રેખા જમીનને સમાંતર રહે તેવી રીતે ઢીંચણને ગોઠવો. ઢીંચણ આમ સમાંતર ન રાખી શકાય તો તે સૂચવે છે કે તમારા પગના, પેટમાંના થાપા પાસેના સાંધા બરાબર નથી અને ભવિષ્યમાં તમને ચાલવામાં, દોડવામાં કે ચડવામાં મુશ્કેલીઓ ઊભી થવાની છે. ધીમે ધીમે હળવેથી અભ્યાસ કરવાથી ઢીંચણ સમાંતર ગોઠવી શકાશે.

પલાંઠી વાળ્યા પછી સાવ ધીમેથી, એકસરખો શ્વાસ લેવા જાવ અને કરોડને ટટાર કરતા જાવ ત્યારે હાથની હથેળીઓને ઢીંચણોપર રાખો. શ્વાસ લેતી વખતે ખભાને પાછળ કરતા જાવ જેથી છાતી વિકાસ પામે, હૃદય તથા ફેફસાંને વધુ જગા મળે અને તેઓ સરળતાથી પોતાની કામગીરી ચાલુ રાખે. પૂરેપૂરો શ્વાસ લેવાઈ જાય. અંતઃકુંભક થાય એટલે કોણીઓને કઠણમાંથી હળવી

બનાવો. દૃષ્ટિ સામે રાખો. આંખો બંધ કરો. હવે શ્વાસને સામાન્ય બનાવી તમામ ધ્યાન શ્વાસોચ્છ્વાસપર કેન્દ્રિત કરો. શરુઆતમાં મનમાં જાતજાતના વિચારો તો આવવાના જ. આવા વિચારો આવે ત્યારે પ્રયત્નપૂર્વક મનને શ્વાસપર એકાગ્ર કરતા જાવ.

શરીરને મૂર્તિની માફક સ્થિર રાખો. આંગળીઓ કે પોપચાં પણ હલાવવાં નહીં. ક્યારેક હાથ મસ્તકપર, નાકપર કે શરીરના બીજા ભાગ તરફ જાય છે તથા ખણવાની વૃત્તિ પણ થાય છે. આ બધું દૂર રાખવા શરીરને અત્યંત સ્વચ્છ રાખો અથવા સ્નાન કર્યા પછી ધ્યાન ધરવાનો અભ્યાસ કરો.

જ્યાં શરીરપર કીડી ન ચડે, માંખી ન બેસે, મચ્છર કે અન્ય સૂક્ષ્મ જંતુ કરડે નહીં એવા સ્થળને જ આસન માટે પસંદ કરો.

જ્યાં દુર્ગંધ આવતી હોય એવું સ્થળ આસન માટે ત્યાજ્ય ગણાય છે. આ સ્થળે મનને ઉશ્કેરે એવી સુગંધ રાખવી નહીં પણ પોતાથી પાંચ છ ફીટ દૂર શાન્તિદાયક મંદ સુગંધ આપતી અગરબત્તી કે ઘીનો દીવો રાખવામાં હરકત નથી.

આસન માટેનું સ્થાન અત્યંત શાન્ત હોવું જોઈએ.

શરુઆતમાં ટટાર બેસવાથી વેદના થાય તો શરીરને આરામદાયક સ્થિતિમાં લાવી શરીરને ફરી ટટાર કરી શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો. આમ વારંવાર કરો.

નવા સાધકે માત્ર દસ મિનિટ જ આ પ્રમાણે બેસવાનો અભ્યાસ કરવો તથા દર અઠવાડિયે એમાં બે ત્રણ મિનિટનો વધારો અને પખવાડિયે પાંચ મિનિટનો વધારો કરવો. આવી રીતે કુલ ચારેક મહિનામાં ૪૫ મિનિટ સુધી બેસવાનો અભ્યાસ કરવો.



સંસારી મનુષ્યોએ આ પ્રમાણે ત્યારબાદ પણ દરરોજ ૪૫ મિનિટ સુધી બેસવાનો અભ્યાસ ચાલુ રાખવો. જેઓ માત્ર યોગની જ કે આધ્યાત્મિક સાધનામાં વળવા માંગતા હોય અથવા મુખ્ય સાંસારિક જવાબદારીઓમાંથી મુક્ત થયા હોય તેમણે ઉપર પ્રમાણે જ અભ્યાસ ચાલુ રાખી વધુ બાર માસમાં ત્રણ કલાક સુધી બેસવાની ટેવ પાડવી.

આવા અભ્યાસ દરમિયાન ઈષ્ટદેવની મૂર્તિ સામે રાખવી, છબી સામે રાખવી, ગુરુએ આપેલ મંત્રનો જપ માળા ઉપર કરવો તથા અન્તે માળા વગર જપ કરવો.

આવું આસન સિદ્ધ થયું ત્યારે જ ગણાય કે આસનના સમય બાદ તમે ખાલી ચડવાનો કે કશીય જડતા અનુભવ્યા વગર સીધા જ ઊભા થઈ સરળતાથી ચાલી શકો.

પગના સ્નાયુઓ જડ થવા લાગ્યા હોય અથવા પગમાં અશુદ્ધિ હોય તો આમ સરળતાથી ઊભા થતાં કે ચાલતાં વાર લાગે છે.

આસનમાં જેઓ સ્થિરતાથી બેસી ન શકે એમને માટે એક સરળ ઈલાજ આ રહ્યો.

અગાઉ જણાવ્યા પ્રમાણે ટટાર થયા બાદ એવી દૃઢ ભાવના કરો કે મારી તમામ શક્તિ પગના અંગુઠાઓમાં કેન્દ્રિત થઈ છે. ચારેક શ્વાસ પછી એવી ભાવના કરો કે આ શક્તિ અંગુઠાઓથી આગળ વધી પગની ઘૂંટીમાં કેન્દ્રિત થઈ છે અને તેની નીચેનાં અંગુઠા સુધીનો ભાગ જડ થઈ ગયો છે. આ પ્રમાણે ઘૂંટીથી ઢીંચણ, ઢીંચણથી નાભિપ્રદેશ, નાભિપ્રદેશથી છાતીનો મધ્યભાગ, છાતીના મધ્યભાગથી કંઠ, કંઠથી બે આંખ વચ્ચેનો ભાગ

આજ્ઞાચક્ર અને આજ્ઞાચક્રથી મસ્તકની મધ્યમાં ઉપર સહસ્રદલ કમળમાં પ્રાણ કેન્દ્રિત થયો છે. અહીં તમે તમારા ઈષ્ટદેવને ધ્યાનમાં જોવા પ્રયાસ કર્યા કરો. આ સ્થિતિમાં થોડો સમય રહી પ્રાણશક્તિને એ કેન્દ્રમાંથી ઉપર પ્રમાણે જ ધીમે ધીમે અંગુઠા સુધી ફેલાઈ જવા દો.

ગુરુના માર્ગદર્શન નીચે આમ લાંબો સમય કરવાથી સમાધિ થાય છે.

આવી આસનની સાધનામાં આહાર મહત્ત્વનો ભાગ ભજવે છે. આમાં ખટાશ અને તેય રાતે ખટાશ વર્જ્ય છે.

પ્રાચીન તિબેટમાં સાધક રાતે ભોંયરામાં બેસતો. એના મસ્તક ઉપર રાતભર તેલનો દીવો રખાતો. પરિણામે બાર વર્ષે આધ્યાત્મિક શક્તિ વિકસવાથી તે ક્રોધથી કાષ્ઠપર દૃષ્ટિ કરે તો કાષ્ઠ પણ સળગી જતું.

આસન દ્વારા સ્થિરતા પ્રાપ્ત કરવાથી જ પ્રથમ આત્મ-સાક્ષાત્કાર અને પછી બ્રહ્મસાક્ષાત્કાર થઈ શકે.

*** ક્ષમા યાચના ***

નવેમ્બર ૯૧ ના અધ્યાત્મના અંકના પ્રકાશનમાં દિવાળીના તહેવારોમાં પોસ્ટમાં થતા કાગળોના ભરાવાને લીધે તેમ જ રંગીન ફોટાઓની છપાઈ સમયસર ન થઈ શકવાથી, જે થોડો વિલંબ થયો તે માટે વાંચકો ક્ષમા કરે. —તંત્રી



# શ્રી રમણમહર્ષિનું જીવનદર્શન

**મહાભિનિષ્ક્રમણ** **યોગેશ્વરજી**

માનવજીવનનું ધ્યેય કેવળ આહારવિહાર, ભોગવિલાસ, સંપત્તિસંગ્રહ અથવા અધિકાર પ્રાપ્તિ થોડું છે? કેટલાક અસંસ્કારી, અજ્ઞ માનવો એવું માનતા હોય તો ભલે, પરંતુ સુસંસ્કારી, સદ્‌વિવેકી પ્રાજ્ઞપુરુષો તો એવું માનતા નથી જ. દિવસે દિવસે દુનિયા વિચાર ને આચારના ક્ષેત્રમાં આગળ વધતી જાય છે, તે નોંધપાત્ર છે. પરિવર્તનોમાંથી પસાર થાય છે. ભારતીય ઋષિઓએ સંસ્કૃતિના ઉષાકાળથી જ માનવને એના જીવનધ્યેયનું સ્મરણ કરાવતાં કહ્યું છે : આત્માને જાણો. તું કોણ છે, તારું મૂળભૂત વાસ્તવિક સ્વરૂપ શું છે એને ઓળખ. એ સ્વરૂપનો સાક્ષાત્કાર કર. આટલું મોટું માનવજીવન નિષ્પ્રયોજન ના જ હોઈ શકે. એ પ્રયોજન પોતાને જાણવાનું, પૂર્ણતામાં પ્રતિષ્ઠિત થવાનું, પરમ શાંતિની મૂર્તિ બનવાનું કે અવિદ્યાજન્ય બંધનોને તોડવાનું જ હોઈ શકે.

શ્રી શંકરાચાર્યે પોતાના સુપ્રસિદ્ધ ગ્રંથ 'વિવેકચુડામણિ'ના પ્રારંભમાં જ માનવજીવનની મહત્તાનો ખ્યાલ આપીને એ પ્રયોજનનો પરિચય કરાવતાં કહ્યું છે : 'જીવોમાં નરજન્મ દુર્લભ છે, પુરુષત્વ એથી દુર્લભ છે, એથી સાત્ત્વિકતાના સમુચ્ચયસમી વિપ્રતા, વૈદિકધર્મનું અનુસરણ, વિદ્વતા તથા આત્મા–અનાત્માનો સમ્યક્ વિવેક એથી પણ દુર્લભ છે : સ્વાનુભવ તેમ જ જીવબ્રહ્મની મૂળભૂત એકતાની અનુભૂતિ એ બધાથી દુર્લભ છે.

અને મુક્તિ તો સો કરોડ જન્મોનાં સત્કર્મોનાં પુણ્યો વિના કોઈને પણ નથી મળી શકતી.'

ભારતવર્ષના પ્રાતઃસ્મરણીય મહાપુરુષોએ માનવજીવનના ધ્યેયનો ઉલ્લેખ કરતાં કહ્યું છે કે જીવન પરમાત્માનો સાક્ષાત્કાર કરવા માટે છે. સાથે સાથે બીજાની સેવા માટે છે. એ ધ્યેયની પૂર્તિ માટે માનવે પુરુષાર્થ કરવો જોઈએ. તો જ જીવન ઉજ્જ્વળ બને ને સફળ થઈ શકે.

વેંકટરામનના હૃદયમાં પૂર્વના કોઈક પરંપરાગત સંસ્કારોના પરિણામે, જીવનના એ મૂળભૂત ધ્યેયની સિદ્ધિની તમન્ના જાગી ઊઠી. એની પ્રેરક મધુમયી વીણા એમના અંતરમાં કિશોરાવસ્થામાંથી જ વાગી ઊઠી. કૃષ્ણચરણાનુરાગી પ્રેમમૂર્તિ રસેશ્વરી મીરાંના પ્રેમપડછંદા જેવા પવિત્ર પડછંદા એમના અંતરમાં પણ પડવા લાગ્યા. વેંકટરામનના અંતરમાં મીરાંબાઈની પેઠે મોહનની મુખાકૃતિ નહોતી જડાયેલી : એ મોહનના મુખડાની માયા એમને નહોતી લાગી : તો પણ શરીરથી અલગ એવી આત્મસત્તાની, પુરાણ પુરુષોત્તમ પરબ્રહ્મ પરમાત્માની માયા તો લાગી જ હતી. એમની સાથે અધિક ને અધિક એકરૂપ થવાની ભાવના એમના મનમાં પેદા થયેલી. એટલે જ, એના સ્વાભાવિક પરિણામરૂપે એમનું અંતર બધી જાતના બાહ્ય વિષયો કે પદાર્થોમાં ઉપરામ બની ગયું. પોતાના અંતરમાં વધારે ને વધારે ઊંડી ડૂબકી મારીને પરમશાંતિ અથવા સ્વરૂપનિષ્ઠારૂપી મહામૌતિકને મેળવવાની અભિલાષાની એમના જીવનમાં અભિવૃદ્ધિ થવા માંડી.

એવી અભિલાષા, ભાવના, ઉત્કંઠા અથવા લગનીનું મહત્ત્વ આત્મવિકાસના સાધકના જીવનમાં ઘણું મોટું છે. એના સિવાય



સાધનાનો સાચો સ્વાદ નથી સાંપડતો ને સિદ્ધિના સુખદ સુમેરુ શિખરપર આસીન પણ નથી થવાતું. સાધકો કે ભક્તોના શરુઆતના જીવનમાં એનું દર્શન થતું હોય છે. એનો આવિર્ભાવ થયા પછી જેમ જેમ એ સુસ્થિર ને સુદૃઢ બને છે તેમ તેમ સાધક વધારે ને વધારે સાધનાપરાયણ બનતો જાય છે અને પોતાના જીવનધ્યેયને પ્રાપ્ત કરવા મોટામાં મોટો ભોગ આપવા તેમ જ પુરુષાર્થ કરવા તૈયાર થાય છે.

વેંકટરામનનું મન પણ એવા પ્રખર પુરુષાર્થને માટે તૈયાર થયું. એમના અંતરમાં આત્મવિકાસના શ્રેયસ્કર ક્ષેત્રમાં આગળ વધવાનો ઉત્સાહ ઉછળવા માંડયો. પરિણામે સ્કૂલનો અભ્યાસ એમને ફીકો લાગ્યો. એમનું મન એના પરથી ઉપરામ થવા માંડયું. જે ભણતર જન્મમરણની પાર પહોંચવામાં, માનવમનની સમસ્યાઓનો ઉકેલ કરવામાં, પરમાત્માની પ્રાપ્તિમાં, ને જીવનને કાયમકાજે કૃતાર્થ કરવામાં મદદરૂપ ના થઈ શકે, જેથી મન અને ઈન્દ્રિયોને જીતવાનો માર્ગ ના મળે, તે ભણતરથી શો લાભ? એથી કયો મહત્ત્વનો હેતુ સરી શકે? એની પાછળ માનવજીવનના મહામૂલ્યવાન્ સમયને નિર્ગમન કરવાથી શું વળે? એ સમય ને શક્તિસામગ્રીનો સદુપયોગ જીવનને ધન્ય કરવા, આત્મસાક્ષાત્કાર સાધવા, ને મૃત્યુંજય બનવા માટે જ કરવો જોઈએ. એને માટે કોઈક એકાંત સ્થળનો આધાર લેવો જોઈએ. એ સ્થળમાં એકનિષ્ઠાથી દીર્ઘકાળપર્યંત સાધના કરવી જોઈએ. જીવનની જે પળો પસાર થઈ રહી છે તે મહામૂલ્યવાન્ છે. એને એમનો ઉપયોગ એ માટે જ કરવો જોઈએ. અને એ પણ બનતી વહેલી તકે.

એ વિચારો ને ભાવો એમને ઘેરી વળ્યા. એમની મનોદશાની અસર એમના જીવનવ્યવહારપર પડયા વિના ના રહી. એ જોઈને

એમના મોટાભાઈએ એમને એકવાર કહ્યું પણ ખરું : "તું તો કોઇ મોટા જ્ઞાની કે યોગીના જેવો વ્યવહાર કરી રહ્યો છે! આવું જ વર્તન કરવું હોય તો તારાથી અભ્યાસ શી રીતે થઇ શકશે? તારા લક્ષણો સ્કૂલના અભ્યાસને અનુકૂળ નથી દેખાતાં. આવી ઉદાસીનતાપૂર્વક જીવવા કરતાં તો તું જંગલમાં જાય તે વધારે સારું છે. ઘર છોડીને વહેલી તકે વિદાય થઇ જા તો અમને કશો શોક નહિ થાય."

ઘર તથા કુટુંબના વડીલો ને સ્કૂલના શિક્ષકો વેંકટરામનથી અસંતુષ્ટ અને એમને એક અથવા બીજા કારણે ઠપકો આપવા લાગ્યા. વડીલોની ચિંતા વધી ગઇ. એ અંદર અંદર કહેવા લાગ્યા:

'કેટલી મોટી કમનસીબી છે? છોકરો કેટલો બધો બુદ્ધિશાળી, શાંત ને કહ્યાગરો હતો? ભણવામાં પણ સારો હતો, પણ છેલ્લા કેટલાક વખતથી કોણ જાણે એને શું ભૂત વળગ્યું છે કે એનું બધું વર્તન જ બદલાઇ ગયું છે.'

'મને તો આ છોકરાને માટે ઘણી સારી આશા હતી, પરંતુ હવે તો એ આશા પર પાણી ફરી વળ્યું.'

'મોટો થઇને એ કાંઇ ઉકાળે એવું મને તો નથી લાગતું.'

'એનાં લક્ષણો અત્યારથી જ કોઇક પાગલને મળતાં આવે છે. આટલી નાની ઉંમરમાં એ વળી આત્મોન્નતિમાં શું સમજે? તે છતાં પણ એની નિરર્થક ચિંતા કર્યા કરે છે.'

વેંકટરામનની આજુબાજુ ચારે તરફથી વિરોધનો વંટોળ ઊઠવા લાગ્યો. એમની સ્થિતિને કોઇ સહાનુભૂતિથી ના સમજી શક્યું. પોતાની આજુબાજુની પ્રતિકૂળ પરિસ્થિતિને જોઇને



ભવિષ્યના એ સર્વમાન્ય મહાત્મા પુરુષનું મન અસ્વસ્થ બની ગયું. એમને થયું કે મને કોઇ સમજી શકતું નથી ને મારું મન અભ્યાસમાં લાગતું નથી તો આ ઘરમાં મારું સ્થાન કેટલું ને ક્યાં સુધી? જે જીવનમાં સંપૂર્ણ શાંતિ ના હોય એ જીવનની કિંમત કેટલી? કોઇક કોલાહલ રહિત એકાંત શાંત સ્થળમાં જઇને મારા સમગ્ર જીવનને સાધનામાં લગાવું એ જ ઉચિત છે.

એ દિવસોમાં એમના જીવનમાં એક નાનકડી ઘટના બની. એ એમના જીવનપ્રવાહને પલટાવવામાં મદદરૂપ થઇ પડી. એ ઉલ્લેખનીય દિવસ ઇ. સ. ૧૮૯૬ ના ઓગષ્ટની ૨૯ મી તારીખ ને શનિવારનો હતો.

એ દિવસ એમને માટે યાદગાર બની ગયો. એમનું અંગ્રેજી વ્યાકરણ કાચું નીકળવાથી શિક્ષકે એ વ્યાકરણનો એક પાઠ ત્રણ વાર લખી લાવવાની એમને આજ્ઞા કરી. ઘેર આવીને એમણે પાઠ લખવાનો પ્રારંભ કર્યો. બે વાર લખ્યો પણ ખરો. ત્યાં તો એમના મનમાં પ્રશ્ન પેદા થયો કે મારે આવી રીતે પાઠ શા માટે લખવો જોઇએ? હું કોઇ વિવેકરહિત જડ યંત્ર છું કે કોઇપણ પ્રકારના પ્રયોજન, પ્રેમ કે રસ વગર આવું કર્મ કરતો રહું?

એમની કલમ બંધ પડી. પુસ્તક હાથમાંથી સરકીને નીચે પડી ગયું. લેખન કાર્ય એકાએક અટકી પડયું. અને એને બદલે વેંકટરામને આસન વાળીને ધ્યાન કરવા માંડયું.

એમના મોટાભાઇ નાગસ્વામી થોડેક દૂર બેસીને એ બધું જોઇ રહેલા. એમનાથી બોલ્યા વિના ના રહી શકાયું : 'આવા છોકરાને વળી અભ્યાસ સાથે શું લાગેવળગે? એણે વળી અભ્યાસ કરવો જ શા માટે જોઇએ?

**કોના અંતરને કયા શબ્દો અસર કરશે તે કેમ કહી શકાય? ધ્રુવની વિમાતા સુરુચિના શબ્દોએ ધ્રુવના જીવનપ્રવાહમાં પરિવર્તન કર્યું : રત્નાવલીના શબ્દોએ તુલસીદાસના જીવનમાં. રત્નાકરના જીવનમાં દેવર્ષિ નારદના થોડાક શબ્દોએ ક્રાંતિ કરી ને સમર્થ રામદાસના જીવનપ્રવાહને સાવધાન શબ્દે પલટાવી દીધો.**

મોટાભાઈના કઠોર ને કટૂ શબ્દો એમના હૃદયસોંસરા ઉતરી ગયા. એ શબ્દોએ એમના કુસુમકોમળ કાળજાને કોરી નાખ્યું. એવાં વ્યંગાત્મક વચનો એમણે એ પહેલાં કેટલીક વાર સાંભળેલાં પરંતુ એ વચનોએ જુદી જ અસર પહોંચાડી. એમને થયું કે મોટાભાઈની વાત બરાબર છે. મને અભ્યાસમાં રસ નથી પડતો. ઘર તથા કુટુંબના સ્નેહસંબંધો પણ મને સહેજ પણ નથી આકર્ષી શકતા, તો પછી અહીં રહેવાનો ને આ જાતનું જીવન જીવવાનો શો અર્થ છે? માટે મારે ઘરત્યાગ કરીને કોઈક સુંદર શાંત એકાંત સ્થળમાં જઈને રહેવાનું ને સાધનાપરાયણ જીવન જીવવાનું જ મારા માટે શ્રેયસ્કર થશે.

**વૈરાગ્ય ને ત્યાગના સુષુમ સંસ્કારો માનવના જીવનમાં કેવી રીતે, ક્યારે, ને કેટલા પ્રમાણમાં જાગી ઊઠે છે તેની કલ્પના કરવી કઠિન છે.**

એ સંસ્કારોની જાગૃતિ ને દૃઢતા વિના આત્મોન્નતિના મંગલમય માર્ગમાં સંતોષકારક રીતે આગળ નથી વધી શકાતું. વેંકટરામન કોઈ સામાન્ય જીવ ન હતા. એ જન્માંતરના મહામૂલ્યવાન્ સંસ્કારો લઈને આવેલા. વૈરાગ્ય ને ત્યાગના સંસ્કારબીજ એમની અંદર પડેલા જ હતા. તેમને પૂર્વોક્ત પ્રસંગથી પોષણ મળ્યું. ધ્યાનમાંથી ઊઠીને એમણે પોતાના



મોટાભાઈને જણાવ્યું :

'હું સ્કૂલમાં જવાની તૈયારી કરું છું.'

'આજે સ્કૂલમાં જવું છે?' ભાઈએ પૂછ્યું, 'કે પછી યોગ—સાધના કરવી છે?'

'યોગ—સાધના નથી કરવી, સ્કૂલમાં જવું છે.'

'તારું મન તો યોગ—સાધના તરફ લાગેલું છે, અભ્યાસમાં કે સ્કૂલમાં નથી લાગ્યું.'

'તો પણ મારે સ્કૂલમાં જવું પડશે. આજે બાર વાગે એક સ્પેશિયલ ક્લાસ છે.'

'તો પછી મારું એક કામ કરજે. નીચે પેટીમાં પાંચ રૂપિયા છે. તે લઈને મારી ફી ભરી દેજે. તારી સ્કૂલની બાજુમાં જ મારી કોલેજ હોવાથી તને કશી મુશ્કેલી નહિ પડે!'

વેંકટરામનના મનમાં પેદા થયેલા વિચારપ્રવાહોની ખબર એમને ના પડી. એમણે વેંકટરામનના શબ્દોને સાચા માની લીધા. વેંકટરામને લીધેલા ગૃહત્યાગના નિર્ણયની એ કલ્પના પણ ના કરી શક્યા. વેંકટરામને વિચાર્યું કે ઈશ્વર સાચોસાચ અનુકૂળ છે ને મારી ઉપર પોતાના અનુગ્રહની વર્ષા વરસાવી રહ્યા છે. મારે કોઈ દુન્યવી સ્કૂલમાં નહિ પરંતુ ઈશ્વરની સ્કૂલમાં જવાનું છે. ઈશ્વરે મારે માટે એક સ્પેશ્યલ ક્લાસનું આયોજન કર્યું લાગે છે, ને મારે એની ઈચ્છા કે યોજનાનુસાર જીવનનું ઉચ્ચોચ્ચ આધ્યાત્મિક શિક્ષણ મેળવવા માટે આગળ વધવાનું છે.

તેમણે નકશાપોથીમાં તિરુવણ્ણામલૈ જોયું. ત્યાં પહોંચવાના માર્ગવ્યયના ત્રણ રૂપિયા પૂરતા થઈ પડે તેમ હોવાથી એમણે વધારાના બે રૂપિયા પેટીમાં પાછા મૂકી દીધા. એ ઉપરાંત એમણે

એક ચિઠ્ઠી લખીને એની સાથે જ મૂકી દીધી. એવી રીતે એ બધી પ્રારંભિક તૈયારી કરીને એ બહાર નીકળ્યા.

એમણે ઘર પર છેલ્લી નજર નાખી લીધી. એ વખતે એમના અંતરમાં અજબ પ્રકારનું, અસાધારણ, સંવેદન જાગી ઉઠ્યું, જીવનની એ એક અતિ અગત્યની વિરલ ક્ષણ હતી.

સંસારના આધ્યાત્મિક ઇતિહાસમાં એવી ક્ષણો મોટા મોટા સાધકો ને મહાપુરુષોના જીવનમાં આવી છે. બુદ્ધ, મહાવીર, ચૈતન્ય મહાપ્રભુ, સમર્થ રામદાસ, તુલસીદાસ, દયાનંદ તથા મીરાંના જીવનપ્રવાહો એની સાક્ષી પૂરે છે. એ પળોના પરિણામ-રૂપે જગતને મહાન સિદ્ધિ પ્રાપ્ત, પ્રાતઃસ્મરણીય, પ્રકાશપ્રદાયક, મહાત્મા પુરુષોની પ્રાપ્તિ થઇ છે. વેંકટરામનના જીવનમાં પણ એ ઇતિહાસ પરંપરાનું—એ અસાધારણ ઐતિહાસિક ક્રમનું પુનરાવર્તન થઇ રહ્યું. એ વખતે એમનું હૈયું હાલી ઊઠયું. એમને થયું કે હું એક મંગલમય મહાયાત્રાનો આરંભ કરી રહ્યો છું. એ યાત્રાની સફળતા મને જરૂર સાંપડશે. મારું જીવન એને માટે જ નિર્મિત થયું હોય એવું મને લાગ્યા કરે છે.

ચીઠ્ઠીમાં એમણે લખેલું 'હું મારા પિતાની શોધમાં એમની આજ્ઞાનુસાર અહીંથી પ્રયાણ કરું છું. આ એક સત્કાર્યને માટે નીકળી રહ્યો છું માટે એને માટે કોઇ ચિંતા ના કરે. એને શોધવા માટે લેશ પણ ખર્ચ ના કરે. સૂચના : તમારી ફી નથી ભરી શક્યો. બે રૂપિયા આની સાથે જ મૂકેલા છે. તમારો...'

બસ ત્યારે, વેંકટરામન ઘર છોડીને પરમ પિતાની શોધમાં ચાલી નીકળ્યા. એમના જીવનનો એક મહત્ત્વનો પ્રારંભિક તબક્કો પૂરો થયો ને બીજો ઉલ્લેખનીય, નોંધપાત્ર, તબક્કો શરૂ થયો.



ગૃહત્યાગ કરીને અરુણાચલની દિશામાં ચાલતી વખતે એમના ઉરમાં અલૌકિક આનંદમય ભાવો ઉછળવા લાગ્યા. પીંજરામાં પડેલા પંખીને બંધનમુક્ત બનીને બહાર ઊડવાનો અવસર મળે અને એ જેટલું આનંદમગ્ન બની જાય, એથી અધિક આનંદમગ્ન બનીને એ આગળને આગળ ચાલવા મંડયા. એમનું હૃદય ને રોમરોમ રસમય બની ગયું. હવે એમનો શાંત જીવનપ્રવાહ જુદે જ માર્ગે ચાલવા લાગ્યો.

ત્યાગી, વિરક્ત, આત્માનંદયુક્ત યોગીના સંબંધમાં મહાયોગી ભર્તૃહરિએ પોતાના વિખ્યાત 'વૈરાગ્યશતક'માં લખ્યું છે :

'પૃથ્વીની પવિત્ર ને સુંદર પથારી છે, હાથનું ઉશીકું છે, શાંત વિશાળ વ્યોમનો ચંદરવો ને અનુકૂળ પવનનો પંખો છે, ચંદ્રરૂપી સરસ અલૌકિક દીપક ને વિરતિરૂપી વનિતાનો સહવાસ સાંપડયો છે, હવે યોગીને વૈભવની શી કમી છે?'

પોતાનું દેહભાન ભૂલીને શાંત સમાધિમાં ડૂબેલો યોગી શહેનશાહની પેઠે, આત્મિક રાજ્યશ્રીનો સ્વામી બનીને, સુખપૂર્વક સૂઇ રહે છે. એને કોઇ પ્રકારની વ્યગ્રતા કે ચિંતા નથી સતાવતી.

વેંકટરામન એ અસાધારણ અવસ્થાની અનુભૂતિ દ્વારા પોતાની જાતને કૃતકૃત્ય માનવા લાગ્યા. એમની એ વખતની આંતર અવસ્થા સંતશિરોમણિ કબીરના પેલા અમર ઉદ્ગારોની સ્મૃતિ કરાવનારી છે :

મન લાગો મેરો યાર ફકીરીમેં.
જો સુખ પાયો રામ ભજનમેં,
સો સુખ નહિ અમીરીમેં..... મન૦

હાથમેં કુંડા બગમેં સોટા,
ચારો દિસી જાગીરીમેં.... મન૦

આખિર યહ તન ખાક મિલેગા,
કાહે ફિરે મગરૂરીમેં ?.... મન૦

ભલાબુરા સબકા સુનિ લીજે,
કર ગુજરાન ગરીબીમેં..... મન૦

કહત કબીર સુનો ભાઇ સાધો,
સાહિબ મિલે સબૂરીમેં....મન૦

* * *

વેંકટરામનને હજુ દીર્ઘકાળની અનવરત પરમોત્સાહ પૂર્વકની કઠોર સાધનાને પરિણામે પરમાત્માનો સુખદ સાક્ષાત્કાર કરવાને વાર હતી. એમના હાથમાં કમંડલ કે બગલમાં લાગડી કે દંડ રાખીને પણ એ નહોતા નીકળ્યા. તો પણ એમના બીજા મનોભાવો કબીર સાહેબના મનોભાવોને મળતા હતા. વેંકટરામન સત્યની શોધ માટે સર્વત્યાગ કરીને ચાલી નીકળ્યા. એવો ત્યાગ એમને કરવો ના પડયો. એમનાથી આપોઆપ કરાઇ ગયો. સંજોગોએ જ એવું આકસ્મિક રૂપ ધારણ કર્યું કે એ ત્યાગ એકાએક થઇ ગયો.


* * *

દુનિયામાં કદાચ ભારતવર્ષ જ એવો દેશ છે જ્યાં સાધનાને માટે સર્વસ્વનું સમર્પણ કરનારા કે ફકીરી લેનારા માણસો આટલા મોટા પ્રમાણમાં જોવા મળે છે. વેંકટરામન પણ, એવી રીતે સર્વસંગ પરિત્યાગી થઇને ફકીરી લઇને ચાલી નીકળ્યા. એ ક્ષણ એમના જીવનની પાવન ને ધન્ય ક્ષણ બની ગઇ.

* * *




**મુખ્યમંત્રીશ્રી ચીમનભાઇ પટેલ અને રાજ્ય મંત્રીમંડળના સભ્યો ગુજરાતનાં પ્રજાજનોને પાઠવે છે દીપાવલિની શુભકામનાઓ અને નૂતનવર્ષાભિનંદન**



— ચીમનભાઇ પટેલ

— માહિતી

# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

અશોક વાટિકામાં રાખેલી સીતા પાસે આવીને રાવણે ચંદ્રની ચારુ ચાંદનીનો આસ્વાદ લેતાં કહ્યું, 'સીતા, તેં શો વિચાર કર્યો? મારો પ્રસ્તાવ તને પસંદ પડયો કે નહિ?'

સીતાએ શાંતિથી કહ્યું, 'તારો પ્રસ્તાવ મને કદી પણ પસંદ પડે તેમ નથી. મારે બીજો કશો વિચાર કરવાનો રહેતો જ નથી. તારી ઇચ્છા કદી પણ પૂરી નહિ થઇ શકે. છતાં એને વળગી રહીશ તો તારો વિનાશ થશે એ નક્કી છે. માટે તારું હિત ચાહતો હોય તો મને છોડી દે અને વહેલી તકે રામને સુપ્રત કરી દે. રામ દયાળુ છે, મોટા મનના અને ઉદાર છે. તારા અપરાધને માફ કરીને તે તને કોઇ પણ પ્રકારનો દંડ દીધા વિના જતો કરશે.'

રાવણ છંછેડાઇ પડયો ને બોલ્યો. 'રામ દયાળુ હોય કે ના હોય, મારે તેમની દયાની જરૂર નથી. હું તેમનાથી કે બીજા કોઇનાથી નથી ડરતો. તે જો સાચોસાચ દયાળુ હોય તો તારી દયા ખાઇને તને મારી પાસેથી છોડાવે એટલું પૂરતું છે. તારા દુરાગ્રહ માટે તારે પાછળથી પસ્તાવું પડશે. એમની કે કોઇની તાકાત નથી કે તારી શોધ કરતાં આટલે દૂર આવી શકે. માટે તું મારી પટરાણી બની જા એ જ બરાબર છે.'

'હું તારી પટરાણી કદી પણ નથી બનવાની. તારા એ સ્વપ્નને સદાને માટે છોડી દેજે. એ સ્વપ્ન સફળ નહિ થાય. તેં મારા શરીરનું હરણ કર્યું છે. પરંતુ મારા મનનું હરણ નથી કર્યું. એટલે મારા મનને કદાપિ વશ નહિ કરી શકે. એના પર તો એકમાત્ર રામનો જ અધિકાર છે અને રામનો જ અધિકાર રહેવાનો છે. તું મને આટલે દૂર હરી લાવ્યો છે છતાં પણ રામ



મને શોધી કાઢશે ને મુક્ત કરશે. એવી મને શ્રદ્ધા છે. રામ કદાચ આટલે દૂર નહિ આવે તો પણ, હું તારી તો નહિ જ બની શકું. તારી બનવા કરતાં હું મરવાનું વધારે પસંદ કરીશ.'

રાવણે કહ્યું, 'તું મને ગમે તેટલો દુષ્ટ માનતી હોઇશ તો પણ એક વાતની ખાતરી આપું છું કે હું કદી તારા પર આક્રમણ નહિ કરું. તને વિચાર કરવા માટેનો પૂરતો સમય આપીશ અને તારું હૃદય પરિવર્તન થાય તેની રાહ જોઇશ. તું આટલી બધી મક્કમતાથી બોલે છે તો પણ વખતના વીતવા સાથે તારી ધીરજ ને હિંમત તૂટી જશે તથા તું, મારી થશે તારી પાસે એના વિના બીજો કોઇ રસ્તો જ નહિ રહે.'

'તારી એ આશા નિરર્થક ઠરશે કે માટીમાં મળશે. એવી આશાને સેવીને તું બરબાદ કે બેહાલ બનશે.'

'સીતા, મારા હૃદયમાં તારે માટે પ્રેમ છે. તારું સ્વરૂપ મને આ ચંદ્રિકાની ચાંદની કરતાં પણ વધારે સારું, રસમય અને રળિયામણું લાગે છે. તારા પ્રેમનું ધ્યાન કરીને મારું સમસ્ત જીવન ધન્ય બનશે.'

'આવા શબ્દો બોલતાં તને શરમ આવવી જોઇએ. છતાં પણ તને જરા પણ શરમ નથી આવતી તે તારી નફ્ટાઇ બતાવે છે.'

'નફ્ટાઇ તો મારી નથી પણ તારી છે.'

'તું પોતે નફ્ટાઇથી ભરેલો છે એટલે એ નફ્ટાઇનું આરોપણ મારામાં પણ કરી રહ્યો છે. હું પરિણીત છું અને તારી સામે દૃષ્ટિપાત પણ કરવાની ઇચ્છા નથી રાખતી એ જાણવા છતાં તું મારી સાથે આવો હીન વ્યવહાર કરી રહ્યો છે એથી વધારે નફ્ટાઇ બીજી કઇ હોઇ શકે? પુલસ્ત્ય મુનિના કુળને તું લજાવી રહ્યો છે. તારા જીવનમાં પરસ્ત્રી પરધનને હાથ કરવાનાં કુકર્મો તેં કેટલાંય કર્યાં હશે પરંતુ આ કામમાં તું સફળ નહિ થઇ શકે.'

રાવણે મૂછ મરડીને કહ્યું, 'મને તો સંપૂર્ણ શ્રદ્ધા છે કે હું સફળ થઇશ. મેં મોટામોટા મહારથી, દેવ ને દાનવના મદ ઉતાર્યા છે તો તું મારી આગળ શી વિસાતમાં છે?'

'એનો ઉત્તર તને મારું વર્તન પૂરું પાડશે ને છેવટે રામ આવશે. તારે રામ સાથેના યુદ્ધમાં રણમાં રોળાવું ના પડે તે માટે તને સાવધાન કરી રહી છું. પછી તો જેવું તારું ભાગ્ય.'

'મારું ભાગ્ય તો ઉજ્જ્વળ જ છે, પરંતુ તારું ને રામનું ભાગ્ય કેટલું ફૂટલું છે તે તને બતાવી આવીશ.'

એમ કહીને અશોકવાટિકાની સીતાની ચોકી કરનારી રાક્ષસીઓને જુદી જુદી સૂચના આપીને રાવણ ચાલી નીકળ્યો.

અશોક વાટિકામાંથી રાવણ સીધો અંતઃપુરમાં આવ્યો એટલે મંદોદરી અને બીજી રાણીઓ પ્રસન્ન થઈ.

થોડીક આડી અવળી વાતચીત પછી મંદોદરી બોલી, 'તમારી અનુમતિ હોય તો તમને એક વાત કહેવી છે. કેટલાય વખતથી એ વાત મારા મનમાં ઘોળાયા કરે છે. આજે તો થાય છે કે કહી જ નાખું ને મારું હૈયું હળવું કરું.'

રાવણ બોલ્યો. 'તારાથી મેં કોઈ પડદો રાખ્યો છે, મંદોદરી? તારે જે કાંઈ કહેવું હોય તે તું તદ્દન નિર્ભીકતાથી કહી શકે છે. તારા સુધાસભર શબ્દો સાંભળવાનું મને હંમેશાં ગમે છે. એ શબ્દો સાંભળતાં હું નથી ધરાતો.'

'પરંતુ આજની વાત જરાક કડવી છે.'

'કડવી હશે તો પણ તારા મુખની વાત છે ને? સાચું કહું તો તારું કશું યે મને કડવું લાગતું જ નથી. તારું જે કાંઈ છે તે બધું જ મધુર લાગે છે.'

'તમે ખોટું તો નહિ લગાડો?'

'ના. મેં કદી ખોટું લગાડયું છે?'

'મારા પર રોષે તો નહિ ભરાવ?'

'કદાપિ નહિ.'

તો પછી તમને મારા મનની વાત કહી બતાવું છું. તમારી પાસે બળ



છે, બુદ્ધિ છે, તપ છે, સત્તા છે, યશ છે, સર્વ કાંઈ છે, પરંતુ એનો સદુપયોગ કરીને બીજાને સુખી કરવાને બદલે દુરુપયોગ કરીને તમારી પોતાની સાથે બીજાની પણ ઘોર ખોદી રહ્યા છો એવું તમને નથી લાગતું? મને તો એવું જ લાગે છે.'

'એટલે?' રાવણે સહેજ ગંભીર બનીને પૂછ્યું, 'તારા કહેવાનું તાત્પર્ય શું છે?'

મંદોદરીએ સહેજ પણ ઉત્તેજીત થયા વિના શાંતિપૂર્વક કહેવા માંડયું, 'જીવનમાં તમે અનેક સારાં કામો કર્યા હશે, પરંતુ સીતાનું હરણ કરીને તમારા એ શુભ કર્મો પર તમે પાણી ફેરવી વાળ્યું છે. તમારી કીર્તિને કલંક લગાડયું છે. તમારું હિત ચાહતા હો તો સીતાને સન્માનપૂર્વક પાછી મોકલી દો. રામનો રોષ વહોરવાથી તમારું હિત કદાપિ નહિ થાય.'

રાવણ થોડીવાર વિચારીને બોલ્યો, 'હું તને વિવેકી સમજતો'તો, મંદોદરી! પરંતુ તું તો મૂર્ખ લાગે છે. સ્ત્રીની બુદ્ધિ મંદ હોય છે ને સ્ત્રી સદા ડરપોક હોય છે એ ઊક્તિ આજે સાચી પડતી લાગે છે. સીતાનું હરણ કરીને મેં મારી રસીકતા તથા વીરતાનું પ્રદર્શન કર્યું છે. એને માટે મારી પ્રશસ્તિ કરવાને બદલે તું મારી આલોચના કરી રહી છે એ જોઈને મને નવાઈ લાગે છે. ને દુઃખ થાય છે.'

તમને દુઃખ થાય છે કે નહિ તે હું નથી જાણતી. જો ખરેખર દુઃખ થતું હોય તો સીતાને સન્માનપૂર્વક રામ પાસે વિદાય કરી દો. સીતાનું હરણ કરવા બદલ તમે શરમનો અનુભવ કરવાને બદલે ગૌરવનો અનુભવ કરો છો તે જ બતાવે છે કે તમારી બુદ્ધિ ઉલટે માર્ગે જઈ રહી છે. સીતાના હરણનું કુકર્મ કરવા માટે મારાથી તમારી પ્રશસ્તિ કેવી રીતે કરી શકાય? હું સ્ત્રી છું એટલે સ્ત્રીને પોતાના હરણથી કેટલું દુઃખ થાય છે તે હું જાણું છું. સ્ત્રીને માટે એ ઘટના ભારે કરુણ હોય છે. ધારો કે કાલે ઉઠીને કોઈ મારું હરણ કરે તો તેની એ રસિકતા ને વીરતા માટે તમે તેને ધન્યવાદ આપી શકો?'

'તારું હરણ? તારું હરણ કોણ કરી શકે તેમ છે? હું જીવું છું ત્યાં સુધી તને હાથ પણ કોણ લગાડી શકે તેમ છે? એવી તાકાત જ કોનામાં છે?'

'કેમ મને કોઇ હાથ ના લગાડી શકે?'

'ના'

'કારણ?'

'કારણ એ જ કે તું મારી પટરાણી કે પત્ની છે. મને તારા પર પ્રેમ છે, પુષ્કળ પ્રેમ છે, એટલે કોઇ તારું હરણ કરવાની ઇચ્છા કરે કે યોજના ઘડે તો તેની યોજના પૂરી થાય તે પહેલાં તો તેના મસ્તકને ધડથી અલગ કરી દઉં.'

'તમને મારે માટે અપાર પ્રેમ છે અને હું તમારી પત્ની તથા પટરાણી છું તે બરાબર છે. પરંતુ એવી રીતે પ્રત્યેક પુરુષને પોતાની સ્રીને માટે અપાર પ્રેમ હોય છે અને એ એની પત્ની કે પટરાણી હોય છે એ કેમ ભૂલી જાવ છો? રામને સીતાને માટે પણ એવો જ અસાધારણ પ્રેમ હશે અને સીતાને રામને માટે. સીતાનું હરણ કરીને અને એ બંનેના પ્રેમી આત્માને અલગ કરીને તમે મહાભયંકર અક્ષમ્ય અપરાધ કર્યો છે એવું તમને નથી લાગતું? જો ના લાગતું હોય તો તમારામાં એટલી જડતા છે એમ જ કહી શકાય.'

( ક્રમશઃ )


**અંબાજીમાં ક્યાં ઉતરશો?**

" સ્વર્ગારોહણ "

માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ

" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯

(ઉ.ગુ.) ૩૮૫૧૧૦


## * બધા જ જીવો પ્રભુપંથના અધિકારી છે *

પ્રત્યેક સાધક સૌથી પહેલાં સમજી લે કે એ મહાબાહો છે. સામાન્ય નથી, ક્ષુલ્લક નથી, વિરાટ છે. અસીમ શક્તિથી સંપન્ન છે. પરમાત્માનો પરમ પવિત્ર પ્રતિનિધિ, પરમાત્મરૂપ છે. શુદ્ધ, બુદ્ધ મુક્ત, પૂર્ણ ને દિવ્ય છે. એની દબાયેલી દિવ્યતાને એણે પ્રકટ કરવાની છે એટલું જ. મન એના કરતાં મોટું નથી. એ પોતે એનાથી મહાન છે. એટલે એના ઉપર નિયંત્રણ કરી શકશે. એણે નાહિમ્મત બનવાની લેશ પણ આવશ્યકતા નથી. આત્મવિકાસની એની સમક્ષ વિસ્તરેલી નવી ક્ષિતિજોનો એણે લાભ લેવાનો છે. એને માટે કશું જ અશક્ય નથી. એના સ્વરૂપની સ્વાનુભૂતિ સરળ છે. મનોનિગ્રહની સિદ્ધિ પણ એ સહેલાઇથી કરી શકે તેમ છે. એને માટે એ પ્રામાણિક પ્રયત્ન કરે એટલી જ વાર છે. યોગદર્શનમાં સ્વનામધન્ય મહર્ષિ પતંજલિ પણ એવી જ અમર આશાવાદી સંભળાવતાં જણાવે છે કે અભ્યાસવૈરાગ્યાભ્યાં તન્નિરોધઃ । એટલે ચિત્તનો નિરોધ અભ્યાસ અને વૈરાગ્યના બે અગત્યનાં સાધનો દ્વારા સાધી શકાય છે.

મનનો નિગ્રહ સાધી શકાય છે એવું જણાવીને અભ્યાસી સાધકોને અને સામાન્ય માનવને યોગદર્શન અવનવીન ઉત્સાહ પૂરો પાડે છે. મનોનિગ્રહ અશક્ય છે અને સામાન્ય સાધકોનું એમાં ગજુ નહિ, એવો અભિપ્રાય એ નથી આપતું. એ ગર્ભિત રીતે સૂચવવા માગે છે કે યોગસાધનાની અભિરૂચિથી પ્રેરાઇને યોગના મંગલમય મંદિરદ્વારે જે પણ આવે છે એ અધિકારી જ છે. માનવમાત્ર અધિકારી છે.

યોગેશ્વરજી

# * જીવનના પરમ પ્રયોજનને નજર સમક્ષ રાખો *

મહાનતાની મંગલમય મુસાફરીમાં સંસિદ્ધિના સનાતન સુમેરુ-શિખર પર પહોંચી ચૂકેલા મહાપુરુષોના જીવનને જોતાં જણાય છે કે એમને સાંપડેલી સિદ્ધિ એકાદ બે'દિવસમાં નહોતી સાંપડી. એને માટે એમને પ્રખર પરિશ્રમ કરવો પડેલો. એ પછી જ એ કંઈક મહત્ત્વનું મહામૂલ્યવાન્ મેળવીને સફળ મનોરથ બની શકેલા. એમના જીવનમાંથી જરૂરી પ્રેરણા પામીને સાધકે ઉત્તરોત્તર આગળ વધવાનું છે. કોઈએ કારણે થાકવાનું, કંટાળવાનું હારવાનું કે નિરાશ નથી થવાનું.

અભ્યાસનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે. એમાં નામજપ, પ્રાર્થના, ધ્યાન, યોગનાં અન્ય અંગોનો અભ્યાસ આત્મવિચાર અથવા આત્મભાવના જેવાં સાધનોનો સમાવેશ કરી શકાય છે. પોતાની રુચિ પ્રમાણે સાધક એક અથવા અધિક સાધનની સહાયતા લઈને આગળ વધી શકે છે. ખાસ આવશ્યકતા એ આત્મોન્નતિના પાવન પંથનો પ્રવાસી બનીને સફળતાપૂર્વક આગળ વધે એટલી જ છે. સાધનના મોહમાં, નશામાં, અહંકારમાં અથવા પૂર્વગ્રહયુક્ત હઠાગ્રહમાં પડીને એણે સાધ્યની વિસ્મૃતિ કરવાની નથી અને સાધ્યને ગૌણ પણ નથી ગણવાનું. અભ્યાસના પરમપ્રયોજનને અહર્નિશ દૃષ્ટિ સમક્ષ રાખવાનું અને એ પ્રયોજનની પૂર્તિના પ્રયત્નની દિશામાં ઉત્તરોત્તર આગળ વધવાનું છે, એ વાત કદી ન ભૂલીએ.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ–પ્લોટ નં. ૧૯૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧.